


મો

# વાર્ષિક અહેવાલ
## ૨૦૧૯-૨૦

દિવ્યજ્યોતિ ટ્રસ્ટ



the
Dream
came true

Dreams is not what you see in sleep,
is the thing which doesn't let you sleep.
**- APJ Abdul Kalam**

# દસ વર્ષની યાત્રાના સીમાસ્તંભ (જાન્યુઆરી-૨૦૧૦ થી માર્ચ-૨૦૨૦)

- **કુલ ઓપીડી તપાસ – ૬,૩૬,૧૮૪**
  - આદિવાસી દર્દીઓ – ૪,૨૪,૭૩૧ (૬૬.૭૬%)
  - બિન આદિવાસી દર્દીઓ – ૨,૧૧,૪૫૩ (૩૩.૨૪%)
- **કુલ ઓપરેશન – ૮૬૪૫૭**
  - ફ્રી ઓપરેશન – ૫૬૬૬૮ (૬૫.૫૪%)
  - રાહતદર તથા પૂરેપૂરા ખર્ચે – ૨૯૭૮૯ (૩૩.૨૪%)
- **કુલ ૮૬૪૫૭ ઓપરેશન પૈકી**
  - મોતિયાના ઓપરેશન – ૪૯૦૨૭
  - પડદાના ઓપરેશન – ૧૧૦૦૮
  - ઝામરના ઓપરેશન – ૬૨૭
  - આંખની પ્લાસ્ટીક સર્જરી – ૧૬૭૮
  - બાળકોની આંખના ઓપરેશન – ૧૩૯૬
  - કીકી બદલવાના ઓપરેશન – ૧૧૨૫
  - કુલ શાળાના બાળકોની તપાસ – ૧,૨૨,૬૫૪
  - કુલ ટ્રક ડ્રાઈવર્સની તપાસ – ૨૫૦૦
  - કુલ બસ ડ્રાઈવર્સની તપાસ – ૮૪
- **કુલ નિદાન કેમ્પ – ૨૨૪૮**
  - કેમ્પમાંથી રીફર થયેલા દર્દીઓના ઓપરેશન – ૩૫૩૫૮
  - (કુલ ઓપરેશનના લગભગ ૪૧%)
- **કુલ વિઝન સેન્ટર્સ – ૦૮**
- **કુલ સેટેલાઈટ સેન્ટર્સ – ૦૩**
- **અંધજન પુનર્વસન કાર્યક્રમ**
  - કુલ તાલુકા – ૪
  - કુલ ગામ – ૪૨૬
  - કુલ અંધજનો મળ્યા – ૪૬૩
- **તાલીમ પ્રવૃત્તિ (૧ વર્ષ ની તાલીમ)**

તાલીમ અપાયેલા કુલ વિદ્યાર્થીઓની યાદી નીચે મુજબ છે.

  - ૪૪ વીઝન ટેકનીશ્યન
  - ૩૩ ઓપ્થેલ્મીક નર્સ
  - ૦૬ ઓ.ટી. આસીસ્ટંટ
  - ૧૦ ચશ્મા ફીટીંગ

- **ડૉક્ટર્સની તાલીમ** (શોર્ટ-ટર્મ)
  - એસ.આઈ.સી.એસ. – ૩૭
  - ફેકો સર્જરી – ૮૧
  - મેડીકલ રેટીના – ૧૭
- **ડૉક્ટર્સની તાલીમ** (લોંગ-ટર્મ)
  - કોમ્પ્રીહેન્સીવ ઓપ્થેલ્મોલોજી - ૦૪
  - કોર્નીયા ફેલોશીપ - ૦૪
  - રેટીના ફેલોશીપ - ૦૧
- **બહારના સ્ટાફની તાલીમ**
  - ઓપરેશન થીયેટર – ૨૬
  - ઓપ્થેલ્મીક આસીસ્ટંટ / વીઝન ટેકનીશ્યન – ૧૦
  - ચશ્મા ફીટીંગ – ૦૪
  - કાઉન્સેલીંગ – ૦૪
  - સ્ટરીલાઈઝેશન પ્રોટોકોલ – ૦૧
  - નર્સીંગ સ્ટાફ – ૪ બેચમાં આશરે ૨૦ લોકો
  - લેબોરેટરીની તાલીમ – ૦૨
  - ઓપ્ટોમેટ્રીસ્ટ – ૦૩
  - આશાવર્કર બહેનોની તાલીમ – ૧૧૪૨
- વિવેકાનંદ પ્રજ્ઞાચક્ષુ બાળકોની હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા બાળકોની કુલ સંખ્યા – ૪૨
- મોગરી, આણંદ, હોસ્ટેલમાં મોકલેલ બાળકો – ૧૩
- મેમનગર, અમદાવાદ – ૦૩
- **સંસ્થાને મળેલ એવોર્ડની વિગત :–**
  - વર્ષ : ૨૦૧૪ – નોવાર્ટીસ કું. ની CSR બોડી 'ZOVA' એવોર્ડ
  - વર્ષ : ૨૦૧૫ – IGBC નો પ્લેટીનમ કેટેગરીનો એવોર્ડ
  - વર્ષ : ૨૦૧૬ - પર્યાવરણ સુરક્ષાની કામગીરી માટેનો એવોર્ડ "ઈમર્સન કપ"
  - વર્ષ : ૨૦૧૭ - વિઝન ૨૦૨૦ રાઈટ ટુ સાઈટ ઈન્ડિયા : હોલીસ્ટીક એપ્રોચ માટે "લોટસ" એવોર્ડ
  - વર્ષ : ૨૦૨૦ - વિઝન ૨૦૨૦ રાઈટ ટુ સાઈટ ઈન્ડિયાનો "જોર્ડન કસાલો વિઝન સ્પ્રીંગ" એવોર્ડ




શુભેચ્છકશ્રી,

આપની સમક્ષ ૧૦મો વાર્ષિક અહેવાલ રજૂ કરતા આનંદ અનુભવીએ છીએ.

૨૨મી મે ૨૦૧૧ ના દિવસે ૪૦ પથારીની આંખની હોસ્પિટલથી શરૂ કરીને ૧૦મા વર્ષે ટર્શીઅરી આઈ કેર સેન્ટર સુધીની સફર ઘણી પડકારજનક હતી.

સૌપ્રથમ તો કામગીરી ખૂબ ઝડપથી વધતાં જગ્યાની સંકડાશ અનુભવાઈ. આ ઉપરાંત શરૂઆતમાં ટેક્નિકલ સ્ટાફની પણ અછત હતી. જે અમે સ્થાનિક યુવાન-યુવતીઓને તાલીમ આપીને પરિપૂર્ણ કરી.

સ્ટાફની સતત તાલીમ-ટેક્નિકલ અને સોફટ સ્કીલને કારણે તેમનું દર્દીઓ સાથેનું વર્તન અત્યંત સૌજન્યપૂર્ણ રહે છે. જે અમારે માટે ગર્વની વાત છે.

ઘણા બધા પડકારને પાર કરીને વર્ષ દરમિયાન થયેલા ૧૨૮૧૬ ઓપરેશન સહિત ૮૫૦૦૦ થી વધુ ઓપરેશનો કરીને આગળ વધી રહ્યા છીએ.

જગ્યાની સંકડાશને ધ્યાનમાં લેતા, દાતા દંપતિશ્રી વિજયભાઇ દાલીયા અને શ્રીમતી નિપુણાબેન દાલીયાએ અમલસાડી ખાતે દાનમાં આપેલી જમીન - જે એન.એ. થઇ ગઇ છે ત્યાં નવું કેમ્પસ વિકસાવવાનો પ્રોજેક્ટ અગ્રતાક્રમે છે.

અમલસાડી મુકામે બાંધકામ કરવા માટેના ડ્રોઈંગ ફાઇનલ થઇ ગયા છે. દસ્તાવેજ પણ થઇ ગયા છે અને ઓપ્ટોમેટ્રી કૉલેજ - હોસ્ટેલ તથા ૨૦૦ બેડની આંખની હોસ્પિટલ માટે કુલ ૧,૬૦,૦૦૦ ચોરસ ફુટ બાંધકામ કરવાનું આયોજન છે. લગભગ જાન્યુઆરી અંત સુધીમાં ખાતમુહૂર્ત કરીને કામગીરી શરૂ કરીશું.

ઉપર જણાવ્યું તે મુજબ ૪૦ પથારીની હોસ્પિટલથી શરૂ કરીને ટર્શીઅરી આઈ કેર હોસ્પિટલ સુધીની સફરમાં આપ સૌ શુભેચ્છકોનો સહકાર સતત મળતો જ રહ્યો છે, તે મુજબ નવા પ્રોજેક્ટમાં પણ આપની ઉદાર સહાય પ્રાપ્ત થશે જ એવી અપેક્ષા સહ...

માંડવી

તા. ૩૦-૧૦-૨૦૨૦

ભરતભાઈ શાહ
પ્રમુખ

નલીનભાઈ શાહ
મંત્રી

ડો. ઉદયભાઇ ગજીવાળા
ઉપપ્રમુખ



# દસમા વર્ષે
# સપના સાકાર થયા




આપણા સૌના લાડીલા રાષ્ટ્રપતિ સ્વ.અબ્દુલ કલામ સાહેબની પ્રચલિત ઉકિત મુજબ "સપના એ નથી જે ઉંઘમાં આવે, પણ એવા જુઓ કે તમારી ઉંઘ ઉડાડી દે"!

સાચે જ ઓપ્થેલ્મોલોજીમાં એમ.એસ. કર્યા બાદ ડૉ. ઉદયભાઈએ એક સ્વપ્ન જોયું કે આંખની બધા પ્રકારની સારવાર બધા લોકોને ( ખાસ કરીને ગરીબ / આદિવાસી પ્રજાને ) એક જ છત હેઠળ મળી રહે એવી હોસ્પિટલ બનાવવી અને "જરૂરી સારવારને અભાવે કોઈ પણ વ્યકિત અંધ ન બને" તે માટે સતત પ્રયત્નશીલ રહેવું.

આવા સ્વપ્ન સાથે M.S. કર્યા પછી તરત (૧૯૯૧માં) જ ભરૂચ જીલ્લાના આદિવાસી વિસ્તાર ઝઘડીયા સ્થિત સેવા રૂરલમાં વીસ વર્ષ જનસમુદાય માટે આંખની સારવાર કરવાનો પ્રયાસ કરીને ભરૂચ જીલ્લાને અંધત્વ મુકત કરાવવાનો પ્રયત્ન કર્યો.

જાન્યુ.૨૦૧૦માં દિવ્યજ્યોતિ ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન કરાવીને સુરત જીલ્લાના આદિવાસી વિસ્તાર એવા માંડવી તાલુકામાં કામગીરી શરૂ કરી. ટ્રસ્ટ રજીસ્ટ્રેશન થયા બાદ માંડવીમાં સુથાર ફળિયા સ્થિત લસ્ટર ડાયમંડ કંપનીનું મકાન ભાડાપટ્ટે મળ્યું, જેને હોસ્પિટલ માટે ઉપયોગમાં લેવાય એ પ્રમાણે ફેરફાર કરાવીને મે ૨૦૧૧ થી ૪૦ પથારીની આંખની હોસ્પિટલ કાર્યરત થઈ.

ધ્યેયની સ્પષ્ટતા અને ૨૦ વર્ષના અનુભવને લીધે કામગીરી ખૂબ જ ઝડપથી ધાર્યા પ્રમાણે થવા લાગી અને ૯ વર્ષના અંતે–૧૦ માં વર્ષની શરૂઆતે અણધારેલા મુકામ હાંસલ કરી શકયા.



શરૂઆતમાં ફકત મોતિયાના ઓપરેશન કરવા માટેના નિષ્ણાંત ડૉકટર જ હાજર હતા. પરંતુ દિવ્યજ્યોતિ ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળના સભ્ય એવા શ્રી ડૉ.બકુલભાઈ ત્રિવેદી ઓકયુલોપ્લાસ્ટી માટે અને ડૉ.અમીષભાઈ પટેલે પડદાના નિષ્ણાંત ડૉકટર તરીકે મહિનામાં એક કે બે વાર વિઝીટીગ આવવાનું શરૂ કર્યું. આ ઉપરાંત ડૉ.માધવીબહેન શેઠ– પડદાના ડૉકટર તથા ઝામરના નિષ્ણાંત ડૉ.મીનાબહેન દોશી, કીકી બદલવાના નિષ્ણાંત ડૉ.બીજલબહેન મહેતા તથા ડૉ.પ્રકાશભાઈ નાયક, નાના બાળકોના આંખના નિષ્ણાંત ડૉ.નિતીનભાઈ જૈન તથા ફેકો સર્જરી માટે ડૉ.નીલેષભાઈ નાયક, ડૉ.જગદીપભાઈ જોષીપુરા તથા ડૉ.પરીનભાઈ શાહ મહિનામાં ૧ કે ૨ વાર જરૂરીયાત મુજબ આવવા લાગ્યા.

જાન્યુ. ૧૨માં ડૉ.ખુશ્બુબહેન પડદાના ડૉકટર તરીકે ફૂલ ટાઈમ જોડાયા અને કાકરાપાર અણુમથક દ્વારા તેમના CSR ફંડમાંથી વિટ્રેકટોમી મશીન મળ્યું, આથી પડદાના રોગોની સારવાર નિયમિત રીતે થવા લાગી.

વિઝીટીગ ડૉકટર્સ જ્યારે પણ આવવાના હોય ત્યારે લોકોની(દર્દીઓની) ભીડ ઉમટી પડે. કયારેક તો જે તે ડૉકટરને જમવાનો સમય કાઢવો પણ મુશ્કેલ પડે, એ જોતાં અહીં આંખની સારવારની તાતી જરૂરીયાત છે એમ સમજાયું.

આમ, સાધનોની ઉપલબ્ધતા અને ડૉકટરોની નિયમિત હાજરી અને ગુણવત્તાસભર કામગીરીનું સુચક્ર એવી રીતે ફર્યું કે પહેલા જ વર્ષે ૩૫૦૦ થી વધુ ઓપરેશન થયા, જે સતત વધતા રહીને નવમા વર્ષને અંતે વાર્ષિક ૧૩૦૦૦ થયા.







## (બીજું વર્ષ ૨૦૧૧-૧૨)

વર્ષોના અનુભવને આધારે એ ખ્યાલ હતો કે અંધત્વના મુખ્ય કારણોમાં–ગરીબી, અજ્ઞાનતા, સારવાર અંગેની સાચી માહિતીનો અભાવ, સારવારના સ્થળ સુધી પહોંચવાની સુવિધાનો અભાવ કે સાથે કોઈ આવનાર ન હોય જેવા પરિબળોનો સમાવેશ થાય છે. તેથી માંડવીની આજુબાજુના ૧૦૦ કિ.મી ત્રિજ્યાના વિસ્તારને આવરી લેતા આંખના નિદાન કેમ્પની પ્રવૃત્તિને ટ્રસ્ટની મુખ્ય પ્રવૃત્તિ પૈકી એક અગત્યની પ્રવૃત્તિ તરીકે સ્થાન આપ્યું. ખરેખર તો કેમ્પ, હોસ્પિટલની કામગીરી શરૂ કરતાં પહેલાં જ શરૂ થઈ ગયા હતા!

૨૨મી મે ૨૦૧૧ના દિવસે ૪૦ સીટની બસ (એશિયન સ્ટાર કં. મુંબઈના સૌજન્યથી) અને ૭ સીટર ટાટા સુમો (શ્રી લવજીભાઈ દાલીયાના સૌજન્યથી) આ બે વાહનો દાનમાં મળી ચૂકયા હતા. તેથી કેમ્પના પ્રચાર માટે સુમો અને દર્દીઓના પરિવહન માટે બસ – આ બે વાહનો ખૂબ ઉપયોગી નીવડયા.

રોજીંદી નિયમિત ઓપીડી, ડૉકટર્સની નિયમિત હાજરી, કેમ્પમાંથી દાખલ થયેલ કે હોસ્પિટલમાં બતાવવા આવેલા દર્દીઓ પૈકી દાખલ દર્દી તથા તેના ૧ સગાની રહેવાની–જમવાની સુવિધા, કેમ્પના દર્દીઓ માટે કેમ્પ સ્થળેથી માંડવી અને માંડવીથી પરત કેમ્પ સ્થળે પહોંચાડવાની વાહન વ્યવસ્થા તથા સારવારની ગુણવત્તાને કારણે દિવ્યજ્યોતિ ટ્રસ્ટ દ્વારા આયોજીત કેમ્પને અપાર લોકચાહના મળવા લાગી.

૨જી ઓકટોબર ૨૦૧૧ના રોજ હોસ્પિટલ સંકુલમાં જ જનસેવા દવાની દુકાન અને જનસેવા ચશ્માની દુકાનની શરૂઆત કરી. અહીં દર્દીઓને દવા પર ૧૫% ડીસ્કાઉન્ટથી દવા મળી રહે છે અને ચશ્મા પણ બજાર કરતાં ઘણા કિફાયતી ભાવે મળી રહે છે. આ બન્ને દુકાનમાંથી વધતા નાણાં ગરીબ દર્દીના મફત દવા–ચશ્માના નાણાં સામે સરભર થઈ જાય છે.

આંખની સારવાર અને અંધત્વ નિવારણના પ્રયત્નોની સાથે જ આંખના રોગો પર સંશોધન કરવું–એવું પણ એક ધ્યેય હતું. તેથી સપ્ટેમ્બર–૧૦માં ડૉ.રોહનભાઈને લંડન ખાતે ઈન્ટરનેશનલ સેન્ટર ફોર આઈ હેલ્થમાં ચાલતા 'કોમ્યુનીટી ઓપ્થેલ્મોલોજી' માં એમ.એસ.સી. નો કોર્ષ કરવા( ૧ વર્ષ ) મોકલ્યા. ત્યાંથી તેઓ સ્ટડીના ભાગરૂપે જુલાઈ ૨૦૧૧માં અંધત્વનો સર્વે કરવા ભારત આવ્યા અને સુરત જીલ્લાના સાત તાલુકાઓ– કામરેજ, પલસાણા, માંગરોળ, બારડોલી, માંડવી, મહુવા તથા ઉમરપાડા તાલુકાના ૪૪ ગામોમાં સર્વેની કામગીરી કરી. આ કામગીરીથી મળેલ ડેટા, બેઝલાઈન ડેટા તરીકે ઉપયોગી છે. હોસ્પિટલની કામગીરી શરૂ કર્યા પછી ૧૦–૧૫ વર્ષ બાદ અંધત્વ નિવારણની કામગીરી કેટલી સફળ નીવડી છે, કે આ કામગીરી કરવાથી લોકોના જીવનમાં શું પરિવર્તન આવ્યું તે જાણી શકાય.

વર્ષ ૨૦૧૧–૧૨ દરમિયાન ૩૫૮૮ ઓપરેશન થયા.





Mr. Nikhil Mehta
M/s. Divyajyoti Trust .
Opp. Hanuman Temple. Suthar Faliya.
Mandvi Dist. Surat - 394160
Gujarat.

Ref: Cert/S01
Date: 3rd October 2013

Dear Sir,

**Continuation of ISO 9001:2008 Certificate.**

Congratulations on successfully maintaining registration to ISO 9001:2008. We, at NIMBUS recognize the effort and commitment that your company devoted to maintain and implement this standard.

Your next Surveillance will be due by 28th September 2014.

Yours Sincerely

S. Marulkar

Santosh Marulkar
Manager (Operations)

## (વર્ષ ૨૦૧૨-૧૩ - ત્રીજુ વર્ષ)

આંખની સારવારનો લાભ વધુ લોકોને મળી શકે તે માટે એપ્રિલ–૨૦૧૨થી નેત્રંગ અને ઝંખવાવ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આંખની સારવારની જવાબદારી દિવ્યજ્યોતિ ટ્રસ્ટે સંભાળી. જે સરકારશ્રી સાથે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ સ્કીમ હેઠળ સ્વૈચ્છિક સંસ્થાની કામગીરી માટે સફળ મોડેલ ગણાય છે. આ બન્ને સ્થળે દિવ્યજ્યોતિ ટ્રસ્ટ દ્વારા નિયુકત ઓપ્થેલમીક આસીસ્ટંટ, આંખની તપાસ અને નિદાન કરે છે અને દર અઠવાડિયે બે વાર માંડવીથી ઓપ્થેલમીક સર્જન અને ટેકનીકલ સ્ટાફ ત્યાં જઈને ઓપરેશનની કામગીરી સંભાળે છે.

આંખની હોસ્પિટલ માટે અંધજન પુનર્વસન કાર્યક્રમ એ પરાકાષ્ટા રૂપ છે. એપ્રિલ ૨૦૧૨થી માંડવી તાલુકામાં અંધજન પુર્નવસન કાર્યક્રમ શરૂ કર્યો. આ કામગીરી અંતર્ગત માંડવી તાલુકાના ૧૩૩ ગામોમાં અંધજન પુર્નવસન કાર્યકરો ઘરે ઘરે ફરીને ૪૦ વર્ષથી મોટી ઉંમરના લોકોની આંખની તપાસ કરે એવું આયોજન કર્યુ.

આ તપાસ દરમિયાન જેમને મોતિયો કે અન્ય રોગને કારણે ન દેખાતું હોય તેમને માંડવી આંખની હોસ્પિટલ રીફર કરીને (નિઃશુલ્ક) સારવાર કરવામાં આવી અને હવે જેઓને કોઈપણ પ્રકારની સારવારથી દ્રષ્ટિ મળી શકે તેમ ન હોય તેવા લોકોને તાલીમ આપીને પગભર કર્યા. આ અંધજનો પૈકી બધાને જાતે હરવા ફરવાની તેમ જ રોજીંદા કામો કરવાની તાલીમ, વૃધ્ધોને સમાજમાં હળી મળી શકે તેવી, બાળકોને બ્રેઈલ લિપી શીખવીને સંકલિત શિક્ષણમાં જોડવા અને યુવાનોને તેઓ સ્વરોજગાર કરી શકે તેવી તાલીમ આપી.

આ ઉપરાંત અંધજન પુર્નવસન કાર્યકરો દ્વારા માંડવી તાલુકાની શાળાઓમાં ભણતા બાળકોની આંખ તપાસનું કામ પણ કરવામાં આવ્યું. જે ખરેખર ખૂબ જ ઉપયોગી અને અસરકારક છે.

સરકારશ્રી દ્વારા અંધજનો માટે બસપાસમાં કન્સેશન, વૃધ્ધો માટે સંત સુરદાસ યોજના હેઠળ પેન્શન, બાળકોને શિક્ષણ માટે શિષ્યવૃત્તિ જેવા લાભ મળતા હોય છે તે મેળવી આપવામાં પણ મદદરૂપ થયા.

આ વર્ષ (૨૦૧૨–૧૩) દરમિયાન મેચીગ ગ્રાન્ટ પ્રોજેકટ હેઠળ રોટરી કલબ ઓફ સુરત રાઉન્ડ ટાઉન તથા રોટરી કલબ ઓફ બર્ગન હાઈલેન્ડ, ન્યુજર્સી અમેરીકા દ્વારા કોર્નીયલ ટ્રાન્સપ્લાન્ટ માટેના સાધનો મળ્યા અને કાકરાપાર અણુમથક દ્વારા વિટ્રેકટોમી મશીન મળ્યું. આમ પડદાના રોગોની સારવાર અને કીકીના રોગો ની સારવાર માટેના અદ્યતન સાધનો મળવાથી આ બન્ને રોગોની સારવાર મોટી સંખ્યામાં થવા લાગી. આ જ વર્ષે હોસ્પિટલને ISO 9001:2008 સર્ટીફીકેટ મળ્યું.

વર્ષ દરમિયાન પર્યાવરણ સુરક્ષાના ભાગરૂપે સોલાર સ્ટ્રીટલાઈટ, સોલાર વોટર હીટર લગાડયા અને વરસાદી પાણી વડે બોરવેલ રીચાર્જ કરવા કન્સ્ટ્રકશન કર્યુ.

વર્ષ દરમિયાન બહારના ૧ ડૉકટર્સ ફેકોની ટ્રેનીગ માટે, ૧ ડૉકટર્સ SICS ની ટ્રેનીગ લેવા માંડવી આવ્યા. આ ઉપરાંત બહારની સંસ્થાઓમાંથી ઓટી પ્રોટોકોલ, ચશ્મા ફીટીગ, સ્ટરીલાઈઝેશન પ્રોટોકોલ અને કાઉન્સેલીગ મેથડ શીખવા જુદા જુદા ટેકનીકલ સ્ટાફ માંડવી આવ્યા હતા.

સૌ પ્રથમવાર ૬ માસના બાળકની બન્ને આંખની મોતિયાની સર્જરી પણ કરી. વર્ષ ૨૦૧૨–૧૩ દરમિયાન ૫૮૭૦ ઓપરેશન થયા.

## (વર્ષ ૨૦૧૩–૧૪ – ચોથુ વર્ષ)




આ વર્ષ દરમિયાન કાકરાપાર અણુમથકના સત્તાધીશો સાથે તેમના સ્ટાફ અને પરિવારની આંખની સારવાર દિવ્યજ્યોતિ ટ્રસ્ટ કરે એ અંગેના કરાર કર્યા.

બહારગામથી આવતા દર્દીઓને ઓર્ડર પ્રમાણે ચશ્મા બનાવવા ફરી આવવાનો ધક્કો ન ખાવો પડે, તે માટે નંબર પ્રમાણે ચશ્મા ૨ કલાકમાં જ બનાવીને આપી શકાય તેવા લેથ મશીન ખરીદ્યા.

દર્દીઓને ન્હાયા પછી શરીર લૂછવા ટુવાલ આપવાનું શરૂ કર્યુ અને દરરોજ દર્દીઓના કપડાં, ટુવાલ, ચાદરો વિગેરે મોટા જથ્થામાં ધોવાના થાય, તે ધ્યાનમાં રાખી ૨૫ કિલોની કેપેસીટી ધરાવતું વોશીંગ મશીન ખરીદ્યુ.

ઓપીડીમાં બતાવવા આવતા ૪૦ વર્ષથી મોટી ઉંમરના દર્દીઓની ડાયાબિટીસની તપાસ ફ્રી કરવાનું શરૂ કર્યું. લો વીઝન કલીનીકનું ઉદ્‌ઘાટન કર્યુ.

હોસ્પિટલનું કામ શરૂ કર્યા પછી ઝામરના નિષ્ણાંત તરીકે મુંબઈથી ડૉ.મીનાબહેન દોશી વિઝીટીંગ કન્સલ્ટન્ટ તરીકે નિયમિત આવતા હતા, ત્યારે જણાયું કે ઝામરના દર્દીઓની સંખ્યા ખુબ છે. તેથી ડૉ.શીતલબહેનને પુનાની એચ.વી. દેસાઈ આઈ ઈન્સ્ટિટ્યુટમાં ૨ માસની ઝામરની સારવારની ટ્રેનીંગ લેવા મોકલ્યા. હવે તેઓ નિયમિત રીતે ઝામરના દર્દીઓની સારવાર કરી રહ્યા છે.

વર્ષ દરમિયાન કોમ્યુનિટી ઓપ્થેલ્મોલોજી સોસાયટી ઓફ ઈન્ડિયા (COSI)ની વાર્ષિક મિટીંગ માંડવીમાં થઈ. જેમાં દિલ્હી, રાજસ્થાન, કેરાલા, વીસનગર અને દાહોદથી ડૉકટરો આવ્યા.

લાયન્સ કલબ ઓફ સુરત સીલ્કસીટી દ્વારા અપંગ લોકોને ટ્રાયસીકલ, વ્હીલચેર, હીયરીંગ એઈડ અને કેલીપર્સ વિતરણ કર્યા.

આ વર્ષે કાકરાપાર અણુમથક દ્વારા મેગાકેમ્પનું આયોજન કર્યુ અને રોટરી કલબ ઓફ ગુરોક આઈલેન્ડ, યુનાઈટેડ કીંગ્ડમ દ્વારા સ્પોન્સર્ડ મેગા કેમ્પમાં સળંગ ૪ દિવસ કેમ્પ કર્યા. આ ઉપરાંત માંડવી બ્લોકમાં ૧૩ જેટલા ડાયાબિટીક રેટીનોપથીના કેમ્પ કર્યા.

આ વર્ષે એક નવતર પ્રયોગ તરીકે ચોરવાડ તા. જૂનાગઢની બંધ પડેલી સાધનસજ્જ હોસ્પિટલને કાર્યરત કરવા તે હોસ્પિટલના હોદ્દેદારોની વિનંતીથી કામગીરી હાથ ધરી. સૌ પ્રથમ હોસ્પિટલ શરૂ કરવા જરૂરી સામગ્રી ખરીદી કરી, સાફ–સફાઈ વિ. કર્યા અને માંડવીથી ૧–૧ ઓપ્થેલ્મીક આસીસ્ટંટ ચોરવાડ જઈને ૧ મહિનો કામગીરી કરે એમ વારાફરતી મોકલ્યા તથા ચોરવાડના ત્રણ યુવાનોને ૬ માસ માંડવી રાખીને ઓપ્થેલ્મીક આસીસ્ટંટ / નર્સીંગ / ચશ્મા ફીટીંગની તાલીમ આપી. તાલીમ પૂર્ણ થયા બાદ તેઓએ ચોરવાડ જઈને કામગીરી શરૂ કરી. આમ એક બંધ પડેલી હોસ્પિટલ ફરી શરૂ થઈ, હવે ત્યાં કામગીરી બરાબર ચાલે છે.

જૂન ૨૦૧૩થી ૧૦ થી ૧૨ વર્ષની ઉંમર સુધીના અંધ બાળકો માટે હોસ્ટેલની સુવિધા ઉભી કરી. આ બાળકોને માંડવીની શાળામાં એડમીશન અપાવ્યું. તેઓ સાંભળીને ભણે છે, તે ઉપરાંત તેમને બ્રેઈલ, કોમ્પ્યુટર, સંગીત શીખવવામાં આવે છે. સાથે જ જીવનલક્ષી શિક્ષણ આપીને તેમને આત્મનિર્ભર કરવાના પ્રયત્નો કરી રહ્યાં છીએ.

સુરત માનવસેવા સંઘ 'છાયડો' સાથે રહીને પીટરકૂઈ અને પીપલવાણ ગામમાં સર્વાંગી વિકાસના કાર્યક્રમો હાથ ધર્યા. જેમાં હેન્ડપંપ રીપેર કરવા, સબમર્સીબલ પંપ રીપેર કરવા કે ઇન્સ્ટોલ કરવા, બાળકોને સ્કૂલ યુનિફોર્મ આપવા કે બાળકોને શિક્ષણ માટે એજ્યુકેશનલ લોન આપવા જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

સ્ટાફની સંખ્યા ૬૭ જેટલી થતાં દરેકને પોતાની ફરજ અને જવાબદારી તથા મળતા લાભ વિશે માહિતી મળે, તે માટે 'કાર્યકરો માટે માર્ગદર્શિકા' તૈયાર કરી.



રીસર્ચ એકટીવીટીના ભાગરૂપે રેપીડ એસેસમેન્ટ ઓફ એવોઈડેબલ બ્લાઈન્ડનેસ (RAVI) સર્વે હાથ ધરવામાં આવ્યો જેમાં લગભગ ૪૮૦૦ થી વધુ લોકોની ચશ્માના નંબરની તપાસ કરવામાં આવી અને ૪૫૪ જેટલા નજીકના નંબરના ચશ્માનું મફત વિતરણ કર્યુ.

વર્ષ દરમિયાન બહારના ૪ ડૉકટર્સ ફેકોની ટ્રેનીંગ લેવા માંડવી આવ્યા. આ ઉપરાંત બહારની સંસ્થાઓમાંથી ઓટી પ્રોટોકોલ, ચશ્મા ફીટીંગ, સ્ટરીલાઈઝેશન પ્રોટોકોલ અને કાઉન્સેલીંગ મેથડ શીખવા જુદા જુદા ટેકનીકલ સ્ટાફ માંડવી આવ્યા હતા.

વર્ષ ૨૦૧૩–૧૪ના અંતે ૬૮૮૬ ઓપરેશન થયા.

## (વર્ષ ૨૦૧૪–૧૫ – પાંચમું વર્ષ)





આ વર્ષની અત્યંત ગૌરવપ્રદ ઘટના, ટ્રસ્ટને XOVA – આંતરરાષ્ટ્રીય એવોર્ડ મળ્યો તે ગણી શકાય. સુરત જીલ્લાના માંગરોલ અને ઉમરપાડા તાલુકાના ૨૧૩ ગામોમાં ઘરે ઘરે ફરીને ૪૦ વર્ષથી મોટી ઉંમરના લોકોની ડાયાબિટીસ, બ્લડપ્રેશર, આંખનું દબાણ (ઝામર)ની તપાસ કરવાની પ્રપોઝલને ઈનોવેટીવ આઈડીયા તરીકે આ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી. જે તુર્કસ્તાનના ઈસ્તંબુલ શહેરમાં આયોજીત સમારંભમાં હાજર રહીને દિવ્યજ્યોતિ ટ્રસ્ટ વતી ડૉ.ઉદયભાઈએ સ્વીકાર્યો.

ડીસેમ્બર ૧૪માં માંડવી તાલુકામાં શરૂ કરેલ અંધજન પુર્નવસન કાર્યક્રમ પુર્ણ થતાં જાન્યુઆરી ૨૦૧૫થી આ કાર્યક્રમ માંગરોલ અને ઉમરપાડા તાલુકામાં શરૂ કર્યો. જેમાં ઉપર જણાવ્યા મુજબ અંધત્વ ઉપરાંત ઝામર, ડાયાબિટીસ તથા બ્લડપ્રેશરની તપાસ પણ કરવામાં આવી.



જૂન ૨૦૧૪માં પરદેશથી દાન મેળવવા માટેની મંજૂરી આપતો FCRA નંબર મળ્યો. જેથી પરદેશથી દાન મેળવવાનું સરળ બન્યું. આ ઉપરાંત મોતિયાના ઓપરેશન માટે કોર્પસ ફંડ એકત્ર કરી શકાય, તે માટે દાતાઓને ૧૦૦% કરમુક્તિ આપતી 35AC કલમ હેઠળ મંજૂરી મળી.

ગામડામાં સામાન્ય રીતે લોકો ખેતીકામ સાથે કે પશુપાલન સાથે જોડાયેલા હોય છે, આથી ખેતરમાં કામ કરતી વખતે પાંદડું / ડાળખી કે બીજ– જંતુનાશક, આંખમાં પડવા–વાગવાનું કે પશુનું શિગડું–પૂંછડુ વાગવાની સંભાવના વધુ રહે છે. તેનાથી બચવા માટે સાદા–નંબર વગરના બધી બાજુથી બંધ એવા સેફટી ગોગલ્સ ૩૦રૂ માં આપવાનું શરૂ કયું, જે વાહન ચલાવતી વખતે પણ ખૂબ ઉપયોગી છે અને મોતિયાના ઓપરેશન પછી પણ ઉપયોગી છે. જેનો ખૂબ મોટી સંખ્યામાં લોકો ઉપયોગ કરતા થયા છે.



ઉપર જણાવ્યા મુજબ કીકીમાં બહારની વસ્તુ વાગવાને કારણે અને યોગ્ય કાળજીના અભાવે આ વિસ્તારના દર્દીઓમાં કીકીના રોગોનું પ્રમાણ નોંધપાત્ર છે, તેથી ૧ વર્ષની (લોગ ટર્મ) કોર્નીયા ફેલોશીપ શરૂ કરી. ડૉ.દર્શન કંસારા કોર્નીયા ફેલો તરીકે જોડાયા.



દર્દીઓની બહોળી સંખ્યા, અદ્યતન સાધનોની ઉપલબ્ધતા અને અન્ય માળખાકીય સુવિધાને કારણે ડૉકટર્સ (ઓપ્થેલ્મોલોજીસ્ટ) માટે શોર્ટ ટર્મની ફેકો સર્જરી, એસ.આઈ.સી.એસ. અને મેડીકલ રેટીના તાલીમ આપવાનું શરૂ કર્યુ. વર્ષ દરમિયાન ૧૨ ડૉકટર્સે આ તાલીમ લીધી.

આ વર્ષ દરમિયાન હોસ્પિટલની પાછળ ખરીદેલી + દાનમાં મળેલી જમીનમાં ભૂમિપૂજન કરીને પાંચ માળના મકાનનું બાંધકામ કર્યુ. જેમાં ભોંયતળિયે એડમીનીસ્ટ્રેટીવ ઓફિસ અને આઈબેંક, પહેલા માળે રસોડું, લાઈબ્રેરી, કોન્ફરન્સરૂમ તથા કલાસરૂમ, ફીમેલ ડોરમેટરી; બીજા માળે ગેસ્ટ હાઉસ તથા સ્ટાફ કવાર્ટર્સ અને ૩જા, ચોથા અને પાંચમા માળે પણ સ્ટાફ કવાર્ટર્સની સુવિધા તૈયાર કરી. આ મકાનને સંપૂર્ણપણે પર્યાવરણલક્ષી બનાવ્યું. જેમાં ટાઈલ્સને બદલે કોટાસ્ટોન, એલ્યુમિનિયમ, રીયુઝડ લાકડું, કાચ તથા ગ્રેનાઈટનો ઉપયોગ કર્યો. સોલર વોટર હીટર, સોલર ઈલેકટ્રીસીટી જનરેટીગ પ્લાન્ટ તથા બાયોગેસ પ્લાન્ટ લગાડયા. રેઈનવોટર હાર્વેસ્ટીગ માટેની વ્યવસ્થા કરી તથા પાણીના બચાવ માટેની વ્યવસ્થા કરવા બાથરૂમમાં વપરાયેલુ પાણી ફલશમાં આવે તે રીતે પ્લમ્બીગ કરાવ્યું.

આ પ્રયત્નો કરીને ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન 'ઈન્ડીયન ગ્રીન બિલ્ડીગ કાઉન્સીલ'માં કરાવ્યું.

વર્ષ દરમિયાન આલ્કોન કાં. નું ફેકો મશીન, ગ્રીન લેસર મશીન, ઝાઈસ કાં.નું IOL માસ્ટર, ફોરસનો ફંડસ કેમેરા, વિઝન સ્ક્રીનર, ઓટોકલેવ મશીન, રીબાઉડ ટોનોમીટર્સ, ટોનોપેન, સ્લીટલેમ્પ, ૨૭ સીટની મોબાઈલ વાન અને ઓફસેટ પ્રીન્ટર ખરીદ્યા, જેનાથી હોસ્પિટલ વધુ સાધન સુસજ્જ થઈ.

ચક્ષુ દાન મળે ત્યારે ચક્ષુ મેળવવા ઓપ્થેલ્મીક આસીસ્ટંટ પણ જઈ શકે એવો નિયમ થવાથી પ્રદીપભાઈ પટેલ તથા યતીન મિસ્ત્રીને આ કામગીરી શીખવા સુરત મોકલ્યા. હવેથી તેઓ આ કામગીરી સંભાળે છે.

આ વર્ષે ગ્લુનો ઉપયોગ કરીને ટાંકા વગર વેલના ઓપરેશન કરવાના શરૂ કર્યા અને લેમેલર કેરેટોપ્લાસ્ટીનું ઓપરેશન કર્યુ.

ગુજરાત સરકાર સાથે "ઓપરેશન થીએટર પ્રોટોકોલ" તૈયાર કરવા અને ગુજરાતના ડૉક્ટર્સની તાલીમ માટેના વર્કશોપમાં ડૉ.ઉદયભાઈ રીસોર્સ પર્સન તરીકે હાજર રહ્યા.

વિઝન ૨૦૨૦ રાઈટ ટુ સાઈટ ઈન્ડીયાની પ્રવૃત્તિના ભાગ રૂપે ડાયાબિટીક રેટીનોપથી પ્રોટોકોલ તૈયાર કરાવ્યો જેમાં દેશના અગ્રગણ્ય પડદાના ડૉક્ટર્સ સાથે દિલ્હીમાં મિટીંગ કરી.

લો વિઝન મેન્યુઅલ તૈયાર કર્યુ. "રાવી" સર્વેના તારણને આધારે ડૉ. રોહનભાઈએ અમેરીકાના શિકાગો ખાતે 'અમેરીકન એકેડેમી ઓફ ઓપ્થેલ્મોલોજી'ની વાર્ષિક મિટીંગમાં સાયન્ટીફીક પેપર પ્રેઝન્ટ કર્યુ.

આ વર્ષે આરોગ્ય શિક્ષણ અને જનજાગૃતિના ભાગરૂપે દર શનિવારે જુદા જુદા ગામોમાં જઈને આંખના રોગો પર વિડીયો બતાવીને પ્રશ્નોત્તર દ્વારા લોકોને જાણકારી આપવાનો કાર્યક્રમ શરૂ કર્યો.

હોસ્પિટલમાં દર્દીઓને ઓપરેશન પહેલાં અને પછી લેવાની કાળજી, સ્વચ્છતા, દવાઓ, પરેજી અંગે આરોગ્ય શિક્ષણ આપવા વિડીયો તૈયાર કરાવ્યો. જે ઓપીડીમાં દર રોજ પ્રસારીત કરવામાં આવે છે.

આ વર્ષે અંધજનપુર્નવસન કાર્યક્રમની માહિતી દર્શાવતુ કેલેન્ડર તૈયાર કર્યુ. જેમાં આ પ્રવૃત્તિ, સરકારી સહાય તથા પુર્નવસન કામગીરી વિશે માહિતી આપી.

વર્ષ દરમિયાન બહારના ૯ ડૉક્ટર્સ ફેકોની ટ્રેનીંગ માટે, ૩ ડૉક્ટર્સ SICS ની ટ્રેનીંગ લેવા માંડવી આવ્યા. આ ઉપરાંત બહારની સંસ્થાઓમાંથી ઓટી પ્રોટોકોલ, ચશ્મા ફીટીંગ, સ્ટરીલાઈઝેશન પ્રોટોકોલ અને કાઉન્સેલીંગ મેથડ શીખવા જુદા જુદા ટેકનીકલ સ્ટાફ માંડવી આવ્યા હતા.

વર્ષ ૨૦૧૪– ૨૦૧૫ના અંતે ૮૪૮૨ ઓપરેશન થયા.

## (વર્ષ ૨૦૧૫–૧૬ – છઠ્ઠું વર્ષ)

હોસ્પિટલની પાછળ નવું પાંચ માળનું મકાન તૈયાર થતાં જ હોસ્પિટલ ૪૦ પથારીની આંખની હોસ્પિટલમાંથી ૧૦૦ પથારીની આંખની હોસ્પિટલમાં ફેરવાઈ.

જૂન ૨૦૧૫માં હોસ્પિટલના નવા મકાન "શ્રીમતી ચંદ્રાબેન પિયુષભાઈ કોઠારી નેત્રજ્યોતિ તાલીમ કેન્દ્ર"નું લોકાર્પણ રાજકોટ રામકૃષ્ણ મિશનના સ્વામીજી પુ. શ્રી સર્વસ્થાનંદજીના હસ્તે કરાવ્યું તથા જૂનના અંતે શાંતિ હવન કરાવીને, ૧૯ કવાર્ટર્સ સ્ટાફને એલોટ કર્યા.

મકાન બાંધકામ વખતે પર્યાવરણ સુરક્ષાના મહત્તમ પગલાં લીધા હોવાથી IGBC નો પ્લેટીનમ કેટેગરીનો એવોર્ડ મળ્યો.

૧૬મી ઓગસ્ટે સંસ્થાના શુભેચ્છક દાતા શ્રી વિજયભાઈ દાલીયા તથા તેમના ધર્મપત્ની નિપુણાબહેન દાલીયાએ તેમની માંડવીથી ૪ કિ.મી. દૂર અમલસાડી મુકામે આવેલી જમીન હોસ્પિટલની પ્રવૃત્તિ માટે દાનમાં આપવાની જાહેરાત કરી.





નવા મકાનમાં "દિવ્યચક્ષુ આઈ બેંક" નું ઉદ્‌ઘાટન કર્યુ અને ચક્ષુદાન કર્યુ હોય તેના કુટુંબીજનોનું સન્માન કર્યુ અને ૧ કાર્ડ આપ્યું, જેના દ્વારા તેમની મફત આંખની તપાસ કરાવી શકે.

"અરવિંદ મફતલાલ ફાઉન્ડેશન" ની ગ્રાન્ટ દ્વારા ઉમરપાડા અને ડેડીયાપાડા વીઝન સેન્ટરના સાધનો ખરીધ્યા અને ત્યાં કામ શરૂ કર્યુ.

R. P. Centre, AIIMS, દિલ્હીની વિનંતીને ધ્યાનમાં લઈ મધ્યપ્રદેશના જાબુઆ ખાતે એક સર્વે હાથ ધરવામાં આવ્યો. જેમાં ડૉકટર, પેરામેડીકલ વર્કર્સ, ડેટા એન્ટ્રી ઓપરેટર અને એક ડ્રાઈવરને જાબુઆ મોકલ્યા અને સર્વે શરૂ કરતાં અગાઉ ટેકનીકલ સ્ટાફને ટ્રેનીગ લેવા લખનૌની એમ.જી.એમ. આઈ હોસ્પિટલમાં મોકલ્યા હતા.

ઈન્ડીયન ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટના પ્રોફેસર રવિચંદ્રન માંડવી આવ્યા અને ટુંકા ગાળામાં ટ્રસ્ટની પ્રગતિ વિશે જાણવા કોરગ્રૂપના સભ્યો સાથે ચર્ચા કરી અને કામગીરી વિશે માહિતી મેળવી તેમણે એક કેસ સ્ટડી તૈયાર કર્યો.

આ વર્ષથી હોસ્પિટલમાં દૂરથી ઓપરેશન કરાવવા આવતા સ્થિતિપાત્ર દર્દીઓ માટે "ડે કેર વોર્ડ" ની સુવિધા ઉભી કરી. જેમાં સોફા–ખુરશી, ટી.વી.અને ચા–નાસ્તાની સુવિધા પુરી પાડવામાં આવે છે. સવારે ઓપરેશન કરેલા દર્દીઓ "ડે કેર વોર્ડ"માં આરામ કરે અને બપોરે ડ્રેસીગ તપાસીને તેમને રજા આપવામાં આવે.

વર્ષ દરમ્યિાન એ– સ્કેન, હેન્ડ હેલ્ડ કેરેટોમીટર, ઓટોરીફ્રેકટર સાથેના ફંડસ કેમેરા, HRT મશીન, આઈ કેર ટોનોમીટર, અલ્ટ્રાસાઉન્ડ બાયો માઈક્રોસ્કોપ, OMS સર્જીકલ માઈક્રોસ્કોપ અને સ્લીટ લેમ્પ ખરીધ્યા.

કાકરાપાર અણુમથકના CSR પ્રોજેકટ અંતર્ગત ગ્લુકોમા કલીનીકના સાધનોનું અનુદાન મળતાં ગ્લુકોમા કલીનીક વધુ મજબૂત બન્યું.

શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ, ધરમપુર અને ગ્રામ સેવા ટ્રસ્ટ, ખારેલ મુકામે રેટીના કન્સલ્ટન્ટને મહિનામાં બે વાર મોકલવાનું શરૂ કર્યુ. આ બન્ને હોસ્પિટલમાં અધુરા માસે જન્મેલા બાળકોની પડદાની તપાસ (ROP) તથા સારવારની કામગીરી કરવાની શરૂ કરી.

વર્ષ દરમિયાન બહારના ૧૩ ડૉકટર્સ ફેકોની ટ્રેનીગ માટે, ૬ ડૉકટર્સ SICS ની ટ્રેનીગ અને ૨ ડૉકટર્સ મેડીકલ રેટીનાની ટ્રેનીગ લેવા માંડવી આવ્યા. આ ઉપરાંત બહારની સંસ્થાઓમાંથી ઓટી પ્રોટોકોલ, ચશ્મા ફીટીગ, સ્ટરીલાઈઝેશન પ્રોટોકોલ અને કાઉન્સેલીગ મેથડ શીખવા જુદા જુદા ટેકનીકલ સ્ટાફ માંડવી આવ્યા હતા.

વર્ષ દરમિયાન ૧૬૩ નિદાન કેમ્પ કર્યા જેમાં ૨૬,૬૪૬ ઓપીડી દર્દી તપાસ્યા અને ૪૨૨૪ ઓપરેશન કર્યા. વર્ષાંતે કુલ ઓપરેશન ૧૦૪૪૬ થયા.

## (વર્ષે ૨૦૧૬–૧૭ – સાતમું વર્ષ)

૨૨.૦૫.૧૬ના રોજ હોસ્પિટલને પાંચ વર્ષ પુરા થતા હોવાથી જુદી રીતે ઉજવણી કરી. સવારે કેમ્પના શુભેચ્છકોનુ મિલન અને સાંજે સ્ટાફ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અને સપરિવાર સમુહ ભોજનનું આયોજન કર્યુ તથા પાંચ વર્ષથી કાર્યરત સ્ટાફને મેલેમાઈનનો ડીનર સેટ આપી પ્રોત્સાહિત કર્યા.

ભવિષ્યના પાંચ વર્ષનું આયોજન કઈ રીતે કરીશું, તેના માર્ગદર્શન માટે મીશન ફોર વિઝનમાંથી શ્રીમતી એલીઝાબેથ કુરીયન માંડવી આવ્યા અને કોરગ્રુપના સભ્યો સાથે ચર્ચા કરી. તે જ રીતે પૂના, મહારાષ્ટ્રની એચ.વી. દેસાઈ આઈ ઈન્સ્ટીટયૂટના ચીફ ડૉ. કર્નલ દેશપાંડે અને તેમની ટીમ દ્વારા પણ સ્ટ્રેટેજીક પ્લાનીગ પર માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમના સૂચનો પરથી "હેપી અવર ઓપીડી" શરૂ કરી.

નવા ત્રણ વીઝન સેન્ટરો ડેડીયાપાડા, સાગબારા, ઉમરપાડા અને એક સેટેલાઈટ સેન્ટર વ્યારા મુકામે શરૂ કર્યા.

દિવ્યજ્યોતિ ટ્રસ્ટની પ્રવૃત્તિઓ તથા અન્ય પાંચ વિડીયો ઓપરેશન થીયેટર, રીફ્રેકટીવ એરર, CBR પ્રવૃત્તિ, મોતિયાની સર્જરી તથા ગ્રીન બિલ્ડીગ વિશે વિડીયો તૈયાર કરવા વિડીયો શુટીગ કરાવ્યું.



પબ્લીક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા, હૈદ્રાબાદ દ્વારા રાષ્ટ્રીય કક્ષાનો ડાયાબિટીક રેટીનોપથી પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો. જેમાં દેશના ૧૧ રાજ્યના ૧૧ જીલ્લા પસંદ કરવામાં આવ્યા અને ગુજરાત રાજ્યના સુરત જીલ્લાને પસંદ કરી આ પ્રોજેકટની જવાબદારી દિવ્યજ્યોતિ ટ્રસ્ટને સોંપવામાં આવી.

આ પ્રોજેકટ અંતર્ગત સુરત જીલ્લાના ચાર સામૂહિક આરોગ્ય કેન્દ્રો–અરેઠ,

માંગરોલ, ઝંખવાવ અને ઉમરપાડામાં કામ કરતા ઓપ્થેલ્મીક આસીસ્ટંટ, સુરત સીવીલ હોસ્પિટલના રેટીના કન્સલ્ટન્ટ, નસીંગ સ્ટાફ અને લેબસ્ટાફ, સુરત જીલ્લાની આશા વર્કર બહેનો તથા સુરત શહેરના ફીઝીશ્યનોની ડાયાબિટીક રેટીનોપથી અંગેની તાલીમ આપવાનું કામ દિવ્યજ્યોતિ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું. ડાયાબિટીક રેટીનોપથીની સારવાર માટેના સાધનો ખરીદ્યા અને જે તે CHC તથા સુરત સીવીલ હોસ્પિટલને આપ્યા. આ પ્રોજેક્ટનું ફંડીગ "કવીન એલીઝાબેથ ડાયમંડ જ્યુબિલી ટ્રસ્ટ, લંડન" દ્વારા ફાળવવામાં આવ્યું.

પ્રોજેક્ટની જુદા જુદા તબક્કાની પ્રગતિ અંગે નિયમિત મીટીંગો કલેક્ટર કક્ષાએ તથા હેલ્થ ડાયરેક્ટર ( ઓપ્થેલ્મોલોજી, ગાંધીનગર) રાજ્ય કક્ષાએ કરવામાં આવી. આ પ્રોજેક્ટમાં ૧૧ જીલ્લાઓ પૈકી આપણી કામગીરી સારી હતી એમ જણાયું.

પડદાની સારવાર માટે અન્ય જરૂરી સાધનો લાયન્સ કલબ ઈન્ટરનેશનલ દ્વારા દાનમાં મળ્યા. ગ્લોકોમા અને રેટીનાના બધા અદ્યતન સાધનો મળવાથી હોસ્પિટલ ગુજરાતની અગ્રગણ્ય આંખની હોસ્પિટલોમાં સ્થાન પ્રાપ્ત કરી શકી.

વર્ષ દરમ્યિાન હોસ્પિટલને માટેના સાધનો ઉપરાંત રસોડાને માટે ઓટોમેટીક રોટી મેકર ખરીદ્યું. જે ૧ કલાકમાં ૮૬૦ રોટલી બનાવી શકે છે તેમજ સ્ટીમ કૂકીંગના સાધનો ખરીદ્યા.

પર્યાવરણ સુરક્ષાના મહત્તમ પગલા લેવામાં આવ્યા, જેને અનુલક્ષીને દિવ્યજ્યોતિ ટ્રસ્ટને "ઈમર્સન કપ" એવોર્ડ મળ્યો જેમાં મેમેન્ટો અને રૂા. ૫૦,૦૦૦/–નો ચેક પ્રાપ્ત થયો.

દિવ્યજ્યોતિ ટ્રસ્ટના સ્ટાફને સતત શિક્ષણ મળતુ રહે તે માટે પુણેની એચ.વી. દેસાઈ આઈ ઈન્સ્ટિટ્યુટ મેન્ટર તરીકે સ્કેલ પ્રોજેક્ટ અંર્તગત કાર્યરત હતા . આપણે આ પ્રોજેક્ટમાં મેન્ટી તરીકે જોડાયા અને જુદા જુદા તાલીમ કાર્યક્રમોમાં સ્ટાફને તાલીમ આપવામાં આવી. જેનો ખર્ચ સ્કેલ પ્રોજેક્ટ અંર્તગત "સેવા ફાઉન્ડેશન, યુ.એસ. એ" દ્વારા આપવામાં આવ્યો.



વર્ષ દરમિયાન બહારના ૧૪ ડૉકટર્સ ફેકોની ટ્રેનીગ માટે, ૮ ડૉકટર્સ SICS ની ટ્રેનીગ માટે અને ૩ ડૉકટર્સ મેડીકલ રેટીનાની ટ્રેનીગ લેવા માંડવી આવ્યા. આ ઉપરાંત બહારની સંસ્થાઓમાંથી ઓટી પ્રોટોકોલ, ચશ્મા ફીટીંગ, સ્ટરીલાઈઝેશન પ્રોટોકોલ અને કાઉન્સેલીંગ મેથડ શીખવા જુદા જુદા ટેકનીકલ સ્ટાફ માંડવી આવ્યા હતા.

આપણા ડૉકટર્સ તથા અન્ય સ્ટાફને પણ વિવિધ સંસ્થાઓમાં વર્કશોપ, ટ્રેનીંગ કાર્યક્રમો અને કોન્ફરન્સમાં જે તે ટેકનીકલ વિષયને અનુરૂપ તાલીમ લેવા મોકલ્યા.




ડૉ.ઉદયભાઈ ઓપરેશન થિયેટર પ્રોટોકોલ અને ઈન્ફેકશન કંટ્રોલ માટે રાષ્ટ્રીય કક્ષાએ નિષ્ણાંત ગણાય છે. તેથી આ કામગીરી માટે દેશની જુદી જુદી ૧૪ સંસ્થાઓમાં કન્સલ્ટન્સી અને ઈવેલ્યુએશન માટે ગયા હતા.

આ વર્ષે માંગરોલ અને ઉમરપાડા તાલુકાઓમાં અંધજન પુનર્વસન કાર્યકરો












દ્વારા એક દિવસનો પ્રચાર કરાવીને નાના કેમ્પનું આયોજન કર્યું. વર્ષ દરમિયાન કુલ કેમ્પ ૩૧૯ થયા કેમ્પમાં ઓપીડી તપાસ ૩૭,૦૨૫ દર્દીઓની થઈ અને ૫,૨૩૯ મોતિયાના ઓપરેશનો થયા.

પાંચ વર્ષ દરમિયાન જુદા જુદા વીઝન સેન્ટરો પર તપાસ કરાવવા ગયેલા દર્દીઓની સંખ્યા ૩૭,૦૦૦ જેટલી થઈ અને આ દર્દીઓ માંડવી સેન્ટરપર બતાવવા આવે તો તેમને દર્દી દીઠ આશરે રૂા.૨૦૦/– ખર્ચ ગણતાં, આ દર્દીઓના ૭૪ લાખ રૂપિયા બચાવી શકાયા એમ કહી શકાય. આમ સમાજ માટે દિવ્ય જ્યોતિ ટ્રસ્ટ દ્વારા ઘણું ઉપયોગી અને ઉમદા કામ થઈ રહયું છે એમ કહી શકાય.

અંધજન પુનર્વસન કાર્યકરો દ્વારા માંગરોલ – ઉમરપાડાના ૨૦૩ ગામોમાં ઘરે ઘરે ફરીને ૪૦ વર્ષથી મોટી ઉંમરના લગભગ ૫૬,૩૫૫ લોકોની અંધત્વની તપાસ ઉપરાંત ડાયાબિટીસ, બ્લડપ્રેશર અને ઝામરની તપાસ કરવામાં આવી. સાથે જ તાલુકાની કુલ ૨૯૩ શાળાઓના ૨૧,૪૧૮ વિદ્યાર્થીઓની તપાસ થઈ જેમાંથી ૨૪૮૮ બાળકોને ચશ્મા આપ્યા અને ૬૪૯ બાળકોને વધુ તપાસ માટે માંડવી રીફર કર્યા.

કાર્યક્રમ દરમિયાન મળેલા અંધ વ્યકિતઓ પૈકી ૯૫ લોકોને અંધત્વનું સર્ટીફીકેટ અપાવ્યું, ૮૬ લોકોને બસપાસ અપાવ્યા અને ૫૪ લોકોને સંત સુરદાસ યોજના હેઠળ પેન્શન અપાવ્યું તેમજ ૧૩૨ લોકોને સ્વતંત્ર રીતે હરી ફરી શકે તેવી તાલીમ આપી.

૩ અંધ યુવાનો પોતાનો રોજગાર શરૂ કરી શકે તે માટે વ્યાજમુકત લોન આપી અને ૯ બાળકોને સંકલિત શિક્ષણ યોજનામાં સામેલ કર્યા.

અંધ બાળકોની હોસ્ટેલની વાત કરીએ તો બાળકોએ ઈતરપ્રવૃત્તિના ભાગરૂપે પસ્તીમાંથી બેગ બનાવી, જે દવાની દુકાનમાં પ્લાસ્ટીકની થેલીને બદલે વપરાય છે અને દિવાળીમાં કોડીયા બનાવ્યા.

બાળકો માટે દિવાળી અને ઉનાળુ વેકેશનમાં શિબિરનું આયોજન કર્યું જેમાં વિવિધ પ્રવૃત્તિ ઉપરાંત નારેશ્વર પ્રવાસનું આયોજન કર્યું. આ બાળકો પૈકી ૧૨ વર્ષથી મોટા બાળકોને આણંદની મોગરી ખાતે આવેલ નિવાસી શાળામાં એડમીશન અપાવ્યું.

અંધ બાળકો પૈકી એક અશ્વિન વણજારાએ ૧૫મી ઓગષ્ટે દેશ ભકિત ગીતની સ્પર્ધામાં ભાગ લીધો.

સુરેન્દ્રનગરની અંધ મહિલાઓ માટે કામ કરતી સંસ્થા દ્વારા આયોજીત સમુહ લગ્નમાં આપણા વિસ્તારની બે અંધ કન્યાઓના (ઉષા અને કોકીલા) લગ્ન લેવાયા.

૩જી ડિસેમ્બરે વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી કરી જેમાં વિકલાંગો માટે જુદી જુદી હરીફાઈનું આયોજન કર્યુ અને વિજેતાઓને તેમજ પ્રતિસ્પર્ધીઓને એમ દરેકને ઈનામ વિતરણ કર્યુ.

સ્ટાફના સભ્યોના સર્વાંગી વિકાસ માટે પણ સતત જુદી જુદી પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવે છે. તેના ભાગરૂપે સ્ટાફ માટે ભણસાળી ટ્રસ્ટ દ્વારા થતી સમાજઉપયોગી પ્રવૃત્તિઓ વિશે જાણકારી મેળવવા ડીસા–રાધનપુરના પ્રવાસનું આયોજન કર્યુ. સાથે જ પાટણ "રાણકી વાવ", સહસ્ત્રલિંગ તળાવ અને મોઢેરાના સૂર્ય મંદિરના દર્શનનો લ્હાવો મેળવ્યો.

સ્વવિકાસની તાલીમ આપવા માટે યુનિસેફ ટ્રેઈન્ડ ડૉ.નિલેશભાઈ ઠાકોર માંડવી આવ્યા.

સ્ટાફે પોતાનું, પોતાના સહકાર્યકરનું અને ઉપરીઓએ પોતાના હાથ નીચેના કાર્યકરોનું મુલ્યાંકન કર્યુ.

વર્ષ દરમિયાન કુલ ૧૨૬૪૮ ઓપરેશન કરવામાં આવ્યા.




## (વર્ષ ૨૦૧૭–૧૮ – આઠમું વર્ષ)

આ વર્ષની શરૂઆતમાં નવા મકાન પર સૂર્યશક્તિથી ચાલતો પાવર જનરેશન પ્લાન્ટ ઈન્સ્ટોલ કર્યો અને જૂના મકાન પર જ્યાં આ પ્લાન્ટ પહેલેથી લગાડયો હતો ત્યાં બાયડાયરેકશનલ મીટર લાગ્યું, જેથી ઈલેકટ્રીસીટી બીલમાં રાહત જણાય છે.

વર્ષની ૨૦મી જૂને ૫૦,૦૦૦ ઓપરેશન પૂરા કર્યા તેની ઉજવણી કરી અને સ્ટાફની સાથે બપોરનું ભોજન લીધું.

વિઝન ૨૦૨૦ ની વાર્ષિક કોન્ફરન્સમાં રાયપુર, છત્તીસગઢ ખાતે દિવ્યજ્યોતિ ટ્રસ્ટને સર્વાંગી વિકાસ માટે 'લોટસ' એવોર્ડ પ્રાપ્ત થયો જે કોરગ્રુપના કેટલાક સભ્યો તથા ડૉ. ઉદયભાઈએ સાથે રહીને સ્વીકાર્યા. આ એવોર્ડમાં મેમેન્ટો પ્રમાણપ્રત્ર અને ૫૦,૦૦૦/–રૂ.નો ચેક છે.

આ વર્ષે સરકારશ્રી દ્વારા ઓપ્ટોમેટ્રી કોલેજ શરૂ કરવાની પરવાનગી મળી ગઈ અને ૬ વિદ્યાર્થીઓના પ્રવેશથી કોલેજનો અભ્યાસક્રમ શરૂ કર્યો.

વર્લ્ડ સાઈટ ડેની ઉજવણીના ભાગરૂપે માંડવીમાં સાઈકલ રેલીનું આયોજન કર્યુ જેનો હેતુ ડાયાબિટીક રેટીનોપથી અંગે જાગૃતિ ફેલાવવાનો હતો અને આ જ દિવસે વ્યારા તાલુકાની લખાલી ગામની શાળાના લગભગ ૫૦૦ બાળકોએ તે ગામમાં રેલી કાઢી તેમ જ વ્યારા અને બારડોલી વિઝન સેન્ટર પર ડાયાબિટીક રેટીનોપથીની તપાસ કરવામાં આવી.

સ્ટાફની હાજરી નોંધવા માટે નવેમ્બર માસથી ઈલેક્ટ્રોનીક ફેસ રીડર લગાડયું. જેનો ૪ મહિના પ્રાયોગીક ધોરણે અને ૧લી એપ્રિલથી કાયમી ધોરણે ઉપયોગ શરૂ કર્યો છે.

જૂલાઈ ૧૭માં બારડોલી મુકામે તેમજ ડીસેમ્બર ૧૭માં ઉચ્છલ મુકામે નવા વિઝન સેન્ટર્સ શરૂ કર્યા. આ બન્ને સેન્ટરો પર ટેલીમેડીસીનથી દર્દીઓને બતાવી શકાય, તે માટેના સાધનો પણ ઈન્સ્ટોલ કર્યા.

દિવ્યજ્યોતિ ટ્રસ્ટના કર્મચારીઓ માટે બચત–ધિરાણ કરનારી સહકારી મંડળીનું રજીસ્ટ્રેશન કરાવ્યું. જે, સભ્યોને ઓછા વ્યાજની લોન તથા વર્ષ દરમિયાન અનાજ– તેલ વિ. સહકારી ધોરણે ખરીદીને તેમને આપવામાં મદદરૂપ રહેશે.

શેલ કું. હજીરા દ્વારા તેમના CSR પ્રોજેકટ અંતર્ગત હજીરા વિસ્તારની શાળાઓના લગભગ ૯૮૧૮

બાળકોની આંખની તપાસ કરી. તેમાંથી ૧૮૮ બાળકોને ચશ્માં આપ્યા અને ૭૬ બાળકોને રીફર કર્યા.

ટ્રસ્ટ હોસ્પિટલ તરીકે આપણે દર્દીઓના ૩ થી ૫ વર્ષના રેકોર્ડ રાખવા જરૂરી છે પણ પેપર્સ( હાર્ડકોપી) તરીકે સાચવવા ખુબ મોટી જગ્યાની જરૂર પડે, તેથી બધા રેકોર્ડસને સ્કેન કરીને ઈલેકટ્રોનીક માધ્યમમાં સાચવવાનું શરૂ કર્યુ.

બ્રીજસ્ટોન ટાયર કું. દ્વારા સ્પોન્સર્ડ કેમ્પમાં ૬૩ ટ્રક ડ્રાઈવરની તપાસ કરવામાં આવી જેમાંથી ૭ ડ્રાઈવર્સને ચશ્મા આપ્યા અને ૫ ને સ્પેશ્યાલીટી તપાસ માટે હોસ્પિટલ રીફર કર્યા.

વર્ષ દરમિયાન ૩૬૯ કેમ્પ કર્યા જેમાં ૪૬૩૭૫ દર્દીઓની ઓપીડી થઈ અને ૫૨૪૩ મોતિયાના ઓપરેશનો થયા.

માલિબા યુનિર્વસીટીના વિદ્યાર્થીઓની આંખની તપાસ કરી.

ગત વર્ષે શરૂ કરેલા વ્યારા સેટેલાઈટ સેન્ટર પર દરરોજની ઓપીડી જોતાં વ્યારામાં ફુલટાઈમ ઓપ્થોલ્મોલોજીસ્ટની નિમણુંક કરી તેથી ઓપીડીની સંખ્યા અને સર્જરીની સંખ્યા વધી.

માંગરોલ અને ઉમરપાડા તાલુકામાં શરૂ કરેલ અંધજન પુનર્વસન કાર્યક્રમ ડિસેમ્બર ૨૦૧૭માં પુરો થયો. હવે વ્યારા તાલુકામાં આ કાર્યક્રમ શરૂ કર્યો.

આ કાર્યકરો દ્વારા શેરડી કાપતા મજુરોના બાળકોને વિટામીન 'એ' અને સુખડીનું વિતરણ કરાયું.

અંધબાળકોને માંડવીના એક સદ્ગૃહસ્થે અંબાજીનો પ્રવાસ કરાવ્યો. ટ્રસ્ટી શ્રી રામનારાયણ ચાંદકજીએ અંધબાળકોને અને ગૃહમાતાને હરીદ્વાર–ઋષિકેશનો પ્રવાસ કરાવ્યો. સૌને ગંગા આરતી, ગંગા સ્નાન અને કૃષ્ણકથાનો લાભ મળ્યો.

ઈન્ડીયન મેડીકલ એસોસીએશન, માંડવીના ઉપક્રમે વર્ષમાં બે વાર જુદા જુદા વિષય પર શૈક્ષણીક સત્રનું આયોજન કર્યુ. જેમાં માંડવીના ૧૫ જેટલા ડૉક્ટર્સે ભાગ લીધો.

વર્ષ દરમિયાન સ્ટાફને દાહોદ દ્રષ્ટિ નેત્રાલય અને ગોરજ મુનિ સેવા આશ્રમની મુલાકાત કરાવી તથા એક મનોરંજક પ્રવાસ "પોઈચા"નો ગોઠવ્યો. જેનો સ્ટાફ પરિવારે સારી સંખ્યામાં લાભ લીધો.

વર્ષ દરમિયાન સ્ટાફ તરીકે કાર્યરત દીપક વસાવાનું મૃત્યુ થતાં તેની કાયદેસર વારસ પુત્રીને રૂા ૬ લાખ – ગ્રુપ ગ્રેજ્યુઈટી અને લાઈફ ઈન્શ્યોરન્સ પોલીસી હેઠળ મળ્યા, જે તેના ખાતામાં જમા કરાવ્યા.

વર્ષ દરમિયાન બહારના ૧૪ ડૉક્ટર્સ ફેકોની ટ્રેનીગ માટે, ૭ ડૉક્ટર્સ SICS ની ટ્રેનીગ માટે અને ૨ ડૉક્ટર્સ મેડીકલ રેટીનાની ટ્રેનીગ લેવા માંડવી આવ્યા. આ ઉપરાંત બહારની સંસ્થાઓમાંથી ઓટી પ્રોટોકોલ, ચશ્મા ફીટીગ, સ્ટરીલાઈઝેશન પ્રોટોકોલ અને કાઉન્સેલીગ મેથડ શીખવા જુદા જુદા ટેકનીકલ સ્ટાફ માંડવી આવ્યા હતા.

વર્ષ દરમિયાન કુલ ૧૨૪૬૭ ઓપરેશન થયા.

## (વર્ષ ૨૦૧૮–૧૯ – નવમું વર્ષ)

આ વર્ષની શરૂઆતમાં નવા બિલ્ડીગ પર લાગેલી સોલાર સીસ્ટમ પર બાય–ડાયરેકશનલ મીટર લાગ્યુ.

આ વર્ષે વાર્ષિક દિન જુદી રીતે ઉજવ્યો. ૨૦/૦૫ એ રકતદાન કેમ્પનું આયોજન કર્યુ, સ્ટાફના સભ્યોએ રકતદાન કર્યુ અને ૨૮ બોટલ રકત એકત્ર કયું. ગણેશપૂજન કર્યુ અને સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કર્યુ.


Certificate of Registration

pyramid

DIVYAJYOTI TRUST

Opp. Hanuman Temple, Suthar Faliya, Mandvi,
Dist. Surat - 394 160, Gujarat, INDIA

This is to certify that the Quality Management System
of above organisation has been assessed and registered by
Pyramid Certifications LLP against the scope of supply and provision of

ISO 9001:2015

Scope : To Provide Service in the Field of Opthalmology

Certificate No. : IQM117418

Certificate Date : 08.09.2018 1st Surv. Due on : 07.08.2019

Valid Until : 07.09.2021 2nd Surv. Due on : 07.08.2020

Director

નેશનલ એક્રીડીટેશન બોર્ડ ફોર હોસ્પિટલ (NABH) એક્રીડીટેશન મેળવવા માટેનું માર્ગદર્શન આપવા પૂણેથી ડૉ. રાજેશ કાપ્સે અને સુ શ્રી મિતાશ્રી આવ્યા હતા. તેમણે NABHના સંદર્ભમાં કેટલાક ફેરફારો સૂચવ્યા. તે પ્રમાણે પ્રયત્નો કરી રહ્યા છીએ. પરંતુ થોડા સમયમાં અમલસાડી કેમ્પસ પર હોસ્પિટલની કામગીરી ખસેડવાની હોવાથી કેટલાક ફેરફારો ત્યાં ગયા પછી કરીશું.

૨૯મી જુલાઈએ એસોસીયેશન ઓફ કોમ્યુનિટી ઓપ્થેલ્મોલોજીસ્ટ ઓફ ઈન્ડિયા ACOIN નું પ્રથમ વાર્ષિક CME માંડવીમાં કર્યુ.

NGO દર્પણનું રજીસ્ટ્રેશન કરાવ્યું અને હવેથી હોસ્પિટલ ISO 9001:2015 રજીસ્ટર્ડ છે.

વર્ષ દરમિયાન ત્રણ નવા વીઝન સેન્ટર્સ કીમ, કોસંબા અને ખાપર મુકામે શરૂ કર્યા.

ખાપરની આજુબાજુ આંખની સારવારની સુવિધા ન હોવાને કારણે તેમજ આ વિસ્તારના લોકોને તેજસ આંખની હોસ્પિટલ પર શ્રધ્ધા હોવાને કારણે શરૂઆતથી જ આ સેન્ટર પર કામગીરી સરસ રીતે થઈ રહી છે. તે જ રીતે ઉચ્છલ



વીઝન સેન્ટરનો પણ આજુબાજુની જનતા સારો લાભ ઉઠાવી રહી છે.

શેલ કંપની સાથે હજીરા વિસ્તારના ટ્રક ડ્રાઈવર્સની આંખ તપાસ, ડાયાબિટીસની તપાસ અને બ્લડ ગૃપની તપાસ કરી. ટ્રક ડ્રાઈવરોની દ્રષ્ટિ સ્પષ્ટ હોય, તો માર્ગ અકસ્માતની શકયતા ઘટે. સાઈટસેવર્સના રાહી પ્રોજેક્ટ અંતર્ગત ૨૫૦૦ ટ્રક ડ્રાઈવર્સની આંખ તપાસ કરી.

ડૉ. શીતલબહેન ચૌધરીના ૦૮/૦૩/૨૦૧૯ ના રોજ ૧૦,૦૦૦ ઓપરેશન પુરા થયા તેમને બિરદાવવા માટે વાર્ષિક દિને રૂા. ૫૧,૦૦૦/– નો ચેક આપ્યો અને પ્રોત્સાહિત કર્યા તે જ રીતે ડૉ. રોહનભાઈએ પણ ૧૦,૦૦૦ ઓપરેશન પુરા કર્યા તેમને પણ રૂા.૫૧,૦૦૦/– નો ચેક આપ્યો.

હોસ્પિટલમાં કામ કરતી બહેનો તથા મહિલા દર્દીઓ માટે સેનેટરી પેડ ડીસ્પેન્સીગ મશીન ગોઠવ્યા.

આ વર્ષથી બહારથી આવતા દર્દીઓ માટે "ફાસ્ટ ટ્રેક" ઓપીડી શરૂ કરી, જેમાં દર્દી રજીસ્ટ્રેશન કરાવે કે તરત જ ૧ સ્ટાફ તેની સાથે રહે અને બધી કાર્યવાહી ઝડપથી પુરી કરાવે. આને સારો પ્રતિભાવ મળી રહ્યો છે.

પારડીની હોસ્પિટલમાં મહિનામાં બે વાર જઈને આંખના ઓપરેશનની કામગીરી સંભાળી આપી અને ત્યાંના ઓટી (ટેકનીકલ) સ્ટાફની તાલીમ માંડવીમાં કરી. મે ૨૦૧૮થી બાળકોની આંખના ડૉકટર અંશુલીબેન જોડાયા. તેમના જોડાવાથી બાળકોની આંખની સારવારનો આંકડો નોધપાત્ર રીતે વધ્યો છે.

વર્ષ દરમિયાન કીકી બદલવાના ૧૬૮ ઓપરેશન થયા.

ડાયાબિટીક રેટીનોપથી પ્રોજેક્ટ અંતર્ગત સુરતના ફેમીલી ફીઝીશ્યનની ૪ મિટીગ કરી. રાજ્ય કક્ષાની અને જીલ્લા કક્ષાની કોઓર્ડીનેશન મિટીગ કરી તથા આશા વર્કર બહેનોની તાલીમ કરી, પ્રોજેક્ટ પુરો થતાં માર્ચ ૧૯માં બાહ્ય સંસ્થા દ્વારા મૂલ્યાંકન કરાવ્યું.

ડાયાબિટીસ ધરાવતા લોકો એકબીજાની તકલીફ સમજી શકે અને ડાયાબિટીસ નિવારણના પ્રયત્નોમાં એકબીજાને મદદરૂપ થાય, તે માટે 'પીઅર ગૃપ'ની રચના કરવા પ્રયત્નો કર્યા, જો કે લોકોમાં આની સમજણના અભાવે આ પ્રયત્ન સફળ ન થયા.

સુરત માનવસેવા સંઘ "છાંયડો" દ્વારા પ્રકાશિત મેગેઝીન 'સેવા સુવાસ' માં દિવ્યજ્યોતિ ટ્રસ્ટની પ્રવૃત્તિઓ તથા ડાયાબિટીસ અને ડાયાબિટીક રેટીનોપથી વિશે લેખ મોકલ્યો જે જૂન ૧૯ના અંકમાં છપાયો છે.

વર્ષ દરમિયાન નાના–મોટા મળી કુલ ૪૫૮ કેમ્પ થયા અને ૪૪૯૩૫ દર્દીઓની ઓપીડી થઈ તથા તેમાંથી મળેલા ૫૧૯૭ દર્દીઓના ઓપરેશન થયા.

કેમ્પના પ્રચાર માટે ફોર વ્હીલર ગાડી અને પ્રચારક એમ બે વ્યકિતનો ખર્ચ ન કરવો પડે તેથી ટુ વ્હીલર પર પ્રચાર કરવાનું ગોઠવ્યું તેમજ સ્થાનિક લોકો દ્વારા પ્રચાર કરાવવાનું આયોજન કર્યુ.

બહારના ૧૫ ડૉકટર્સની ફેકો તાલીમ તથા ૮ ડૉકટર્સની SICSની તાલીમ અને ૪ ડૉકટર્સની મેડીકલ રેટીનાની તાલીમ કરી.

વર્ષના અંતે ૧૩૧૯૧ ઓપરેશન થયા.




## દસમું વર્ષ (૨૦૧૯-૨૦)

દર વર્ષની જેમ સ્થાપના દિનની ઉજવણી ૨૨મીની નજીકના રવિવાર ૧૯મીએ કરી. ગત વર્ષે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કર્યુ હતુ, તેની સફળતા જોતાં, આ વર્ષે પણ સવારે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કર્યું. સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ અને સ્ટાફના બાળકોને પરીક્ષામાં ઉત્તીર્ણ થવા બદલ સન્માનિત કર્યા. ડૉ. રોહનભાઇ અને ડૉ. શીતલબેન બંનેએ ૧૦,૦૦૦ ઓપરેશનો પૂર્ણ કર્યા તે બદલ તેમને રૂા.૫૧,૦૦૦/- નો ચેક અર્પણ કરી સન્માનિત કર્યા. ૨૨મીએ ગણેશપૂજન કર્યું.

૨૨મી જૂને રોટરી ક્લબ ઑફ સુરત રાઉન્ડટાઉન અને બર્ટ્રામ ટ્રેઈલ રોટરી ક્લબ, યુ.એસ.એ. ની સાથે રહીને જે ગ્લોબલ ગ્રાન્ટ પ્રોજેક્ટ કર્યો તેના નાણા મંજૂર થતાં સાધનો અને મશીનો તથા અર્ટીગા ગાડી તેમણે દિવ્યજ્યોતિ ટ્રસ્ટને અર્પણ કર્યા.

દર વર્ષે જુલાઇથી વિઝન ટેક્નિશ્યન અને નર્સિંગ કોર્ષની નવી બેચની તાલીમ શરૂ થાય છે, તેના ઈન્ટરવ્યૂ જૂનમાં લેવામાં આવે છે. આ વર્ષે જૂનમાં મીશન ફૉર વિઝન સંસ્થાએ તેઓ વિઝન ટેક્નિશ્યન કોર્ષના દસ વિદ્યાર્થીઓને સ્પોન્સર કરશે એમ જાહેર કર્યુ. તેઓ વિદ્યાર્થી દીઠ દર મહિને (રૂા.૧૦૦૦) સ્ટાઇપેન્ડ આપે છે. બાકીના વિદ્યાર્થીઓને દિવ્યજ્યોતિ ટ્રસ્ટ સ્ટાઇપેન્ડ આપે છે. આ ઉપરાંત મીશન ફૉર વિઝન સંસ્થા સાથે દમણ વિસ્તારમાં આંખના નિદાન કેમ્પ કરવા માટેના કરાર કર્યા અને સપ્ટેમ્બરમાં કેમ્પ શરૂ કર્યા.

જુલાઇમાં ઓપ્ટોમેટ્રી કૉલેજ માટેનું ઈન્સ્પેકશન થયું અને ત્રીજા વર્ષની મંજૂરી મળી ગઇ છે.



૪થી ઓગષ્ટે હૈદ્રાબાદ ખાતે ડૉ. ઉદયભાઇને "ડૉ. જી. બદ્રીનારાયણ" ઓરેશન પ્રાપ્ત થયું, જે કોમ્યુનિટી ઓપ્થેલ્મોલોજીના કાર્ય માટેનું સન્માન છે. તેને માટે ટ્રસ્ટ ગર્વ અનુભવે છે. ઑલ ઈન્ડિયા ઓપ્થેલ્મોલોજીકલ સોસાયટી દ્વારા આયોજિત સ્ટરીલાઈઝેશન પ્રોટોકોલ ગાઈડલાઈન માટે અને ક્લસ્ટર ઈન્ફેકશન ટાસ્ક ફોર્સની મીટિંગ માટે ડૉ. ઉદયભાઇ દિલ્હી ગયા હતા.

૧૫મી ઓગષ્ટે માંડવીના ડૉક્ટર શ્રી શૈલેષભાઇ ચૌધરીના ધર્મપત્ની શ્રીમતી જીજ્ઞાબેનના હસ્તે ધ્વજવંદન કરાવ્યું.

દિવ્યજ્યોતિ ટ્રસ્ટે આંખની સારવારના ક્ષેત્રમાં જે સિદ્ધિ મેળવી છે તે જોતાં આગામી વર્ષોમાં વધુને વધુ કામગીરી કઇ રીતે કરી શકાય, માનવસંશાધનનો મહત્તમ ઉપયોગ કરીને તથા વ્યવસ્થામાં ફેરફાર કરીને કઇ રીતે આગળ વધી શકાય, તેનું માર્ગદર્શન આપવા પૂણેની એચ.વી. દેસાઇ આઈ ઈન્સ્ટિટ્યૂટના ડૉ. કર્નલ દેશપાંડે તથા હૈદ્રાબાદના શ્રી નાગરાજન ૧૮ થી ૨૦ ઓક્ટોબર દરમિયાન માંડવી આવ્યા. તેઓએ કોરગ્રુપના સભ્યો, ટ્રસ્ટીમંડળ તથા મેનેજમેન્ટના સભ્યો સાથે ઉપરની બાબત અંગે ચર્ચાઓ કરી તથા દેશની આંખ સંભાળનું કાર્ય કરતી સંસ્થાની મુલાકાત લઇ ત્યાં ખૂબ મોટા પાયે કામગીરી કઇ રીતે કરી શકાય તે શીખવાનું સૂચન કર્યુ. આ સૂચન અનુસાર ટ્રસ્ટીઓ શ્રી નલીનભાઇ શાહ, ડૉ. ઉદયભાઇ ગજીવાળા તથા શ્રી વિજયભાઇ કણીયા, ચિત્રકૂટ (મ.પ્ર.)ની સદ્‌ગુરુ સેવા સંસ્થાની મુલાકાતે ૬ થી ૯ ડીસેમ્બર દરમિયાન ગયા હતા. ત્યાં દર વર્ષે ૧ લાખથી વધુ ઓપરેશન થાય છે અને તેઓ મહદ્‌અંશે સ્વનિર્ભર છે. ત્યાંની મુલાકાત આપણી સંસ્થાની ભવિષ્યની કામગીરીના આયોજન માટે ખૂબ ઉપયોગી નીવડશે.

બી.ઓપ્ટોમેટ્રી સ્ટુડન્ટ્સ માટે ૪ વર્ષના કોર્ષ પૈકી ચોથા વર્ષે ઈન્ટર્નશીપ કરવાની હોય છે. તેને માટે ચશ્મા બનાવતી

'વિઝનસ્પ્રીંગ સંસ્થા'માંથી શ્રી કિર્તી પ્રધાન આવ્યા અને આ વિદ્યાર્થીઓને "આંખ સંભાળ અને ચશ્માની જરૂરિયાત" વિષય પર સમજણ આપી તથા ઈન્ટર્નશીપ માટે પ્લેસમેન્ટ કરવા અંગે ચર્ચા કરી. આજ રીતે અન્ય એક ચશ્મા બનાવતી 'એસ્સીલોર' કંપનીના સભ્યોએ વિદ્યાર્થીઓને માર્કેટીંગ પર માર્ગદર્શન આપ્યું અને ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ પર ચર્ચા કરી.

આપણે વ્યારા તાલુકાના ગામોમાં 'રેપીડ એસેસમેન્ટ ઑફ એવોઈડેબલ બ્લાઈન્ડનેસ' અને 'ડાયાબિટીસ તથા ડાયાબિટીક રેટિનોપથી' નો સર્વે કરવાનો હોવાથી અને આ સર્વે ઓપ્ટોમેટ્રી કૉલેજના સ્ટુડન્ટ્સ દ્વારા કરાવવાનો હોવાથી તેની વૈજ્ઞાનિક તાલીમ આપવા આ કામના દેશના નિષ્ણાત ડૉ. બી.આર. શામન્ના ૯ થી ૧૨ નવેમ્બર દરમિયાન માંડવી આવ્યા અને આપણી ટીમની ટ્રેનીંગ કરી. ટ્રેનીંગ પુરી થયા બાદ સર્વે હાથ ધરવામાં આવ્યો જેમાં ડૉક્ટર્સ અને સીબીઆર વર્કર્સ પણ જોડાયા અને ૭મી માર્ચ સુધીમાં ડેટા કલેકશનની કામગીરી પૂર્ણ કરી.

૧૦મી નવેમ્બરે એથીક્સ કમિટીના સભ્યોની મીટિંગ કરી. દિવ્યજ્યોતિ ટ્રસ્ટ દવાના રીસર્ચની કામગીરીમાં પણ જોડાવા માંગે છે. એથીક્સ કમિટીની ક્લીનીકલ ટીમના સભ્યોની એક ટ્રેનીંગ મુંબઈથી આ ટ્રેનીંગના નિષ્ણાત ડૉ. કિરણભાઈ માર્થકે આવીને તા.૧૬-૨-૨૦૨૦ ના રોજ કરી તથા ટ્રેનીંગ સર્ટિફીકેટ આપ્યા.

દર વર્ષની જેમ ISO ઓડીટ નવેમ્બરમાં થયું અને ISO 9001/2015 સર્ટિફીકેટ મળ્યું.

મીશન ફૉર વિઝનમાંથી સુશ્રી શ્વેતા પટેલ માંડવી આવ્યા અને વિઝન ટેક્નિશ્યન તથા નર્સિંગ ટ્રેનીંગનો રિવ્યુ કર્યો અને મીશન ફૉર વિઝન દ્વારા સ્પોન્સર્ડ ખાપર અને વ્યારા વિઝન સેન્ટરની કામગીરીનું ઓડીટ કર્યું.







વિઝન ફાઉન્ડેશન ઑફ ઈન્ડિયાની એડવાઇઝરી કમિટીના સભ્ય તરીકે મુંબઈમાં આયોજિત મીટિંગમાં ૧૫મી ડીસેમ્બરે ડૉ. ઉદયભાઈએ હાજરી આપી.

રોટરી ક્લબ ઑફ સુરત રાઉન્ડટાઉન દ્વારા કોઇ એક ગામને નિવારી શકાય તેવા અંધત્વથી મુક્ત કરાવવાનો પ્રોજેક્ટ સ્પોન્સર થયો હતો તે અંતર્ગત ઉમરપાડા તાલુકાના ઉમરખાડી ગામને આ પ્રોજેક્ટમાં સમાવીને આ કામગીરી ફેબ્રુઆરી ૨૦૨૦ દરમિયાન પૂર્ણ કરી.

અંધ વ્યક્તિ પણ યોગ્ય તાલીમ મેળવ્યા બાદ સ્વતંત્ર કામગીરી કરી શકે છે એ સાબિત થયેલી હકીકત છે, તે ધ્યાનમાં લઇ એક અંધ યુવતી મિનાક્ષીની હાઉસકીપીંગ સ્ટાફ તરીકે નિમણૂક કરી.

હાઉસકીપીંગ સ્ટાફ તેમજ કીચન સ્ટાફને તાલીમ આપવા કન્સલ્ટન્ટ ડૉ. તનુજાબેનની પુત્રી કુ. અશ્વિની જેઓ હોટલ મેનેજમેન્ટના નિષ્ણાંત છે, તેઓ માંડવી આવ્યા હતા અને તેમણે આ સ્ટાફને તેમના કામ માટે માર્ગદર્શન આપ્યું.

દિવ્યજ્યોતિ ટ્રસ્ટના નિષ્ણાત ડૉક્ટર્સ ખારેલ, ધરમપુર, અંકલેશ્વર અને ઝઘડીયા વિઝીટમાં જાય છે. તેમાં આ વર્ષે માર્ચથી ઝઘડીયા સેવારૂરલ ખાતે ROP સ્ક્રીનીંગ માટે ડૉક્ટર્સ મહિનામાં બે વાર જાય એવું આયોજન કર્યુ છે.

૧૫મી માર્ચે કેમ્પના શુભેચ્છકોનું સ્નેહ મિલન કર્યુ અને કેમ્પની માહિતી, પ્રચાર વ્યવસ્થામાં ફેરફાર કરવા અંગે તથા લોકભાગીદારીની અપેક્ષા બાબત રજૂઆત કરી અને શુભેચ્છકો પ્રત્યે આભાર પ્રગટ કર્યો.

વર્ષ દરમિયાન દાનમાં મળેલી જમીનને બિનખેતીમાં ફેરવવાનો હુકમ મળી ગયો હોવાથી તેનું પ્રિમીયમ ભર્યુ. ત્યારબાદ ટાઉન પ્લાનીંગમાં ડ્રોઈંગ સબમીટ થઇ ગયા છે, મંજૂરી મળે તેની રાહ જોવાઇ રહી છે.

વર્ષ દરમિયાન બહારના ૧૧ ડૉક્ટર્સ ફેકોની ટ્રેનીંગ માટે, ૪ ડૉક્ટર્સ ની ટ્રેનીંગ માટે અને ૪ ડૉક્ટર્સ મેડીકલ રેટીનાની ટ્રેનીંગ લેવા માંડવી આવ્યા. આ ઉપરાંત બહારની સંસ્થાઓમાંથી ઓટી પ્રોટોકોલ, ચશ્મા ફીટીંગ, સ્ટરીલાઈઝેશન પ્રોટોકોલ અને કાઉન્સેલીંગ મેથડ શીખવા જુદા જુદા ટેકનીકલ સ્ટાફ માંડવી આવ્યા હતા. વર્ષના અંતે ૧૨૮૧૬ ઓપરેશન થયા.

# હોસ્પિટલ






હોસ્પિટલમાં વર્ષ દરમિયાન ડૉ. યશ ઓઝા કોમ્પ્રીહેન્સીવ ફેલો તરીકે જૂન-૨૦૧૯ થી જોડાયા તથા ડૉ. ધવલ પટેલ રેટીના કન્સલ્ટન્ટ તરીકે જુલાઈ-૨૦૧૯ થી જોડાયા. ડૉ. ઈશ્વર મિસ્ત્રી જનરલ ઓપ્થેલ્મોલોજીસ્ટ તરીકે ઓગષ્ટથી જોડાયા.

ડૉ. નિરાલી પટેલ અને ડૉ. અલકા ગુપ્તા બે વર્ષનો સમયગાળો પુરો થતાં તથા ડૉ. રોહન ચરીવાળા ડીસેમ્બર-૨૦૧૯થી, અલગ સેવાકીય સંસ્થા પોતાના વતનની નજીક શરૂ કરવાની ઈચ્છા હોવાથી છૂટા થયા. ડૉ. અંશુલીબેન સુદ નવેમ્બરથી મેટરનીટી લીવ પર ગયા.

ઉપરના સંજોગો જોતાં ત્રણ મહિના માટે ડૉ. મિતુલ પટેલને એપોઈન્ટ કર્યા.

અમેરિકાના ન્યૂ જર્સી ખાતે કાર્ડીયોલોજીસ્ટ તરીકે સેવા આપતા ડૉ. રમેશભાઈ કણીયાએ ફોલ્ડેબલ ઈન્ટ્રાઓક્યુલર લેન્સ મૂકીને મોતિયાના ૧૦૦ ઓપરેશન સ્પોન્સર કર્યા.

આ વર્ષે આંખની અંદર રહેલા (ઈન્ટ્રાઓક્યુલર) જીવતા કૃમિને કાઢવાની બે સર્જરી કરી. એક કૃમિ ૮મી ઓક્ટોબરે અને બીજો ૩૧મી ઓક્ટોબરે સફળ ઓપરેશન કરી કાઢ્યા અને દર્દીઓની આંખ બચાવી શક્યા.

ઓક્ટોબર-નવેમ્બર દરમિયાન ત્રણ મલ્ટીફોકલ ટોરીક લેન્સ મૂકીને કેટરેક્ટ સર્જરી કરી.

રોટરી ક્લબ ઑફ ઉધના, સુરત દ્વારા ૧૦૦ મોતિયાના ઓપરેશન સ્પોન્સર કર્યા, જે ૧૦મી ડીસેમ્બર ૨૦૧૯ બાદ શરૂ કરીને પૂર્ણ કર્યા.

હોસ્પિટલમાં આવતા દર્દીઓને તેમના રોગ અને સારવાર વિશે સર્વશ્રેષ્ઠ રીતે સમજાવી શકાય, તે માટે કાઉન્સેલરની ચેમ્બરમાં ૩૨ ઈંચનું ટી.વી. લગાડ્યું. ડીસેમ્બરથી આ સુવિધા દ્વારા ટી.વી. પર દ્રશ્ય બતાવીને દર્દીને સમજાવવામાં આવે છે.

આ વર્ષે માનસિક બિમાર દર્દી, જે હોસ્પિટલ સુધી આવીને પછી અંદર આવવાની ના કહેતા હતા, તેમનું કાઉન્સેલરે રસ્તા પર ઉભડક બેસીને કાઉન્સેલીંગ કર્યું, ચશ્મા આપીશુ એમ કહીને અંદર લાવ્યા તથા બેહોશ કરીને ઓપરેશન કર્યુ. બીજે દિવસે બીજી આંખનું પણ એ જ રીતે ઓપરેશન કરીને તેને દ્રષ્ટિ આપી. તેનો ડર અને અંધાપો બન્ને દૂર થયા. જોકે ક્યાંક જૂઠનો સહારો લેવો પડ્યો, પણ તે દર્દીના ભલા માટે!!

તેવી જ રીતે એક આંખવાળા બાળકની કીકી બદલવાની સર્જરી (કેરેટોપ્લાસ્ટી) કરી.

## ટેબલ નં. ૧ : હોસ્પિટલ તથા આઉટરીચ પ્રવૃત્તિની ઓપીડીની આંકડાકીય માહિતી

| વર્ષ | નવા | | જુના | | બાળકો (નવા કેસ) | | બાળકો (જુના કેસ) | | આદિવાસી | બિન આદિવાસી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | | | |
| ૨૦૧૭-૧૮ | ૩૬૮૦૧ | ૩૩૨૬૪ | ૧૧૭૦૦ | ૯૨૫૭ | ૨૬૨૬ | ૨૫૨૯ | ૧૧૯૦ | ૭૭૯ | ૬૪૦૮૮ | ૩૪૦૫૮ | ૯૮૧૪૬ |
| ૨૦૧૮-૧૯ | ૩૫૩૭૪ | ૩૨૯૯૫ | ૧૧૩૪૪ | ૮૯૭૫ | ૨૪૭૫ | ૨૫૦૬ | ૧૩૩૯ | ૮૬૨ | ૬૩૨૧૧ | ૩૨૬૪૯ | ૯૫૮૭૦ |
| ૨૦૧૯-૨૦ | ૩૧૯૧૮ | ૨૯૮૧૫ | ૧૦૪૮૫ | ૮૮૧૫ | ૨૨૫૨ | ૨૩૭૭ | ૧૨૪૬ | ૮૩૫ | ૫૮૪૭૮ | ૨૯૨૬૫ | ૮૭૭૪૩ |







## દિવ્યચક્ષુ આઈ બેંક

દિવ્યજ્યોતિ ટ્રસ્ટની હાજરી અને લાંબા સમયથી ચક્ષુદાન માટે કરેલા લોકજાગૃતિના પ્રયાસોના કારણે ધીમે-ધીમે ચક્ષુદાન માટેના ફોન આવવા શરૂ થયા છે અને વધી રહ્યા છે. ઓક્ટોબર દરમિયાન સારી ગુણવત્તાના ચક્ષુ, સ્થાનિક ચક્ષુદાન દ્વારા મળ્યા.

### ટેબલ નં. ૨ : ડાયાબિટીક રેટીનોપથી સ્ક્રીનીંગ રીપોર્ટ રેટીના ક્લીનીક વર્ષ ૨૦૧૯-૨૦૨૦

| મહિનો | ડાયાબિટીક દર્દીની તપાસ | ડાયાબિટીક રેટીનોપથી ગ્રેડ | સારવાર આપેલ દર્દી | | | |
|---|---|---|---|---|---|---|
| | | | એવાસ્ટીન ઈંજેક્શન | લેસર | વિટ્રેકટોમી | ફંડસ ફોટો |
| એપ્રિલ | ૧૭૫ | ૧૪૮ | ૨૬ | ૪૧ | ૨ | ૩ |
| મે | ૧૮૦ | ૧૪૬ | ૧૯ | ૪૮ | ૦ | ૮ |
| જૂન | ૧૨૩ | ૯૧ | ૯ | ૧૩ | ૦ | ૧૧ |
| જુલાઈ | ૧૨૯ | ૧૦૬ | ૧૮ | ૨૧ | ૩ | ૪ |
| ઓગષ્ટ | ૧૨૯ | ૯૮ | ૧૮ | ૩૮ | ૩ | ૬ |
| સપ્ટેમ્બર | ૧૫૨ | ૧૩૯ | ૧૮ | ૪૨ | ૨ | ૬ |
| ઓક્ટોબર | ૧૨૬ | ૧૦૮ | ૨૪ | ૨૧ | ૧ | ૯ |
| નવેમ્બર | ૧૩૦ | ૧૧૮ | ૧૨ | ૩૦ | ૦ | ૧ |
| ડીસેમ્બર | ૧૬૪ | ૧૫૩ | ૨૫ | ૩૭ | ૧ | ૪ |
| જાન્યુઆરી | ૧૧૧ | ૯૯ | ૧૨ | ૩૦ | ૦ | ૮ |
| ફેબ્રુઆરી | ૫૬ | ૪૦ | ૧૫ | ૧૭ | ૦ | ૬ |
| માર્ચ | ૧૧૭ | ૯૫ | ૧૯ | ૧૬ | ૧ | ૬ |
| કુલ | ૧૫૯૨ | ૧૩૪૧ | ૨૧૫ | ૩૫૪ | ૧૩ | ૭૨ |

### ટેબલ નં. ૩ : ડાયાબિટીક રેટીનોપથી સ્ક્રીનીંગ રીપોર્ટ બેઝ હોસ્પિટલ વર્ષ ૨૦૧૯-૨૦૨૦

| મહિનો | RBS | RBS પોઝીટીવ | રીફર | સારવાર આપેલ દર્દી |
|---|---|---|---|---|
| એપ્રિલ | ૭૬૯ | ૩૮ | ૧૪ | ૬૯ |
| મે | ૬૫૦ | ૬૨ | ૪૧ | ૧૩ |
| જૂન | ૬૩૦ | ૪૮ | ૩૮ | ૭ |
| જુલાઈ | ૬૨૨ | ૫૬ | ૪૦ | ૯ |
| ઓગષ્ટ | ૬૦૭ | ૫૧ | ૩૯ | ૧૭ |
| સપ્ટેમ્બર | ૭૮૯ | ૫૯ | ૩૭ | ૧૩ |
| ઓક્ટોબર | ૭૫૯ | ૪૮ | ૩૩ | ૭ |
| નવેમ્બર | ૧૦૬૮ | ૭૦ | ૪૨ | ૧૯ |
| ડીસેમ્બર | ૧૨૩૬ | ૪૭ | ૩૬ | ૧૭ |
| જાન્યુઆરી | ૧૨૬૧ | ૬૦ | ૪૨ | ૨૦ |
| ફેબ્રુઆરી | ૧૦૦૭ | ૪૭ | ૪૨ | ૧૪ |
| માર્ચ | ૮૨૦ | ૫૮ | ૪૬ | ૮ |
| કુલ | ૧૦૨૧૮ | ૬૪૪ | ૪૫૦ | ૨૧૩ |

## ટેબલ નં. ૪ : સેટેલાઈટ સેન્ટર / વિઝન સેન્ટરની કામગીરીની માહિતી વર્ષ ૨૦૧૯-૨૦

| સેટેલાઈટ સેન્ટર | કુલ ઓપીડી | રીફ્રેકશન | ઓપરેશનની સલાહ આપેલ દર્દી | તૈયાર ચશ્મા | ચશ્માના ઓર્ડર | દવાનું વેચાણ | માંડવી રીફર કર્યા | ઓપરેશન | ટેલીમેડીસીનથી દર્દી બતાવ્યા | ગોગલ્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વ્યારા | ૯૪૯૬ | ૨૬૧૨ | ૪૮૬ | ૫૦૧ | ૧૧૨૩ | ૫૦૨૯ | ૫૯૧ | ૭૨૭ | ૩૦૭ | ૬૬ |
| નેત્રંગ | ૯૬૯૨ | ૨૨૧૨ | ૩૩૮ | ૧૦૪૫ | ૮૫૦ | ૫૦૧૦ | ૩૦૦ | ૫૭૭ | ૩૬૪ | ૫૧ |
| ઝંખવાવ | ૨૭૩૦ | ૧૧૬૨ | ૩૨૮ | ૧૦૭ | ૩૮૭ | ૫૭૫ | ૩૨૪ | ૫૩ | ૧૪૦૯ | ૩૦ |
| ડેડીયાપાડા | ૨૪૯૨ | ૧૨૭૬ | ૨૨૯ | ૭૩૨ | ૪૦૦ | ૪૫૨ | ૨૦૭ | ૧૭૮ | ૬૩૮ | ૨૩ |
| ઉમરપાડા | ૧૭૮૦ | ૧૧૦૧ | ૨૩૧ | ૫૦૦ | ૨૦૧ | ૫૯૬ | ૧૩૯ | ૮૯ | ૧૦૪૭ | ૩૮ |
| સાગબારા | ૨૫૦૦ | ૧૩૪૩ | ૩૪૧ | ૩૩૯ | ૭૧૫ | ૫૬૫ | ૨૧૨ | ૨૧૦ | ૮૪૨ | ૧૨૭ |
| ઉચ્છલ | ૩૯૭૬ | ૬૩૨ | ૧૪૭૪ | ૪૩ | ૫૩૨ | ૪૫૦ | ૧૪૯૫ | ૭૫૨ | ૧૬૦૮ | ૦૮ |
| બારડોલી | ૧૭૧૧ | ૮૯૨ | ૨૧ | ૨૯૯ | ૨૭૯ | ૨૬૮ | ૯૩ | ૦ | ૯૯૧ | ૪૦ |
| ખાપર | ૩૨૧૬ | ૧૮૫૧ | ૨૭૭ | ૫૯૪ | ૬૮૩ | ૮૧૮ | ૨૯૮ | ૩૮૬ | ૧૨૨૦ | ૯૪ |
| કોસંબા | ૨૧૯૧ | ૮૮૪ | ૧૩૦ | ૨૦૭ | ૩૧૯ | ૫૪૦ | ૧૬૦ | ૮૨ | ૯૯૪ | ૧૭ |
| કીમ | ૨૫૮૫ | ૭૬૫ | ૨૪૫ | ૧૪૩ | ૩૪૭ | ૭૦૦ | ૨૨૪ | ૧૦૨ | ૧૬૩૬ | ૨૫ |

## ટેબલ નં. ૫ : વર્ષ દરમિયાન લેબોરેટરી દ્વારા ઓ.ટી. 'કલ્ચર' અને અન્ય તપાસની માહિતી

| વિગત | વર્ષ દરમિયાન થયેલ 'કલ્ચર'ની આંકડાકીય વિગત |
|---|---|
| માંડવી આંખની હોસ્પિટલનું ઓપરેશન થીયેટર | ૧૨ + ૫ |
| નેત્રંગ સેટેલાઇટ સેન્ટરનું ઓપરેશન થીયેટર | ૦૯ |
| ઝંખવાવ સેટેલાઇટ સેન્ટરનું ઓપરેશન થીયેટર | ૦૩ |
| એવાસ્ટીન ઇંજેકશન | ૪૧ |
| બાયોલોજીકલ ઇંડીકેટર | ૧૨ |
| આર.એલ. બોટલ | ૦૧ |
| ઓટી સ્ક્રબ એરીયા (માંડવી) પાણીનુ | ૦૫ |
| ઓટી ઇન્સ્ટ્રુમેન્ટ વોશીંગ એરીયા (માંડવી) પાણીનુ | ૦૧ |
| ઓટી સ્ટાફ નેઇલ/નેઝલ સ્વોબ | ૦૨ |
| કોન્ટાસોલ ઇંજેકશન | - |
| વરસાદી પાણીના સંગ્રહનું કલ્ચર | - |
| આઈબેંક લેમીનાર ફ્લો | ૦૯ |
| માઈક્રોબાયોલોજી લેબ લેમીનાર ફ્લો | ૦૯ |
| ઓટી લેમીનાર ફ્લો (માંડવી) | ૦૩ |
| વ્યારા ઓટી સ્ક્રબ એરીયા પાણીનુ | ૦૨ |
| લેમીનાર ફ્લો (નેત્રંગ) | ૦૧ |
| ઓટી સ્ટાફ નેઈલ/નેઝલ સ્વોબ (નેત્રંગ) | ૦૧ |
| બાયોલોજીકલ ઈન્ડીકેટર (નેત્રંગ) | ૦૧ |
| ઓટી ઈન્સ્ટ્રુમેન્ટ વોશીંગ એરીયા (નેત્રંગ) પાણીનુ | ૦૨ |

| લેબોરેટરીમાં થયેલ તપાસની માહિતી | લેબોરેટરીમાં થયેલ તપાસની આંકડાકીય વિગત |
|---|---|
| હીમોગ્લોબીન | ૧૮૮ |
| ઇ.એસ.આર. | ૫૯૨ |
| સી.બી.સી. | ૧૦૩૩ |
| બી.ટી. એન્ડ સી.ટી. | ૧૯૪ |
| એમ.પી. (બ્લડ) | ૬૯ |
| વી.ડી.આર.એલ. | ૪૨૯ |
| એમ.ટી. | ૧૫૨ |
| લીપીડ પ્રોફાઇલ | ૨૪૫ |
| આર.એ. ફેક્ટર | ૬૩ |
| બ્લડ યુરીયા | ૨૮૫ |
| સીરમ કોલેસ્ટેરોલ | ૦૮ |
| સીરમ ક્રીએટીનાઇન | ૩૪૧ |
| યુરીન રુટીન | ૧૧૬ |
| યુરીન સુગર | ૯૯૬૯ |
| આર.બી.એસ. | ૧૦૦૭૮ |
| એચ.આઇ.વી. | ૭૦૯ |
| એચ.બી.એસ.એ.જી. | ૭૦૨ |
| એચ.બી.એ.વન.સી. | ૩૫૭ |
| કલ્ચર | ૧૨૮ |
| બાયોપ્સી | ૨૦ |
| ગ્રામ સ્ટેઈન | ૨૭૩ |
| ફાસ્ટીંગ બ્લડ સુગર | ૭૧૦ |
| જમ્યા પછીનું સુગર | ૧૯૪ |
| અન્ય તપાસ | ૫૫૭ |
| ઈ.સી.જી. | ૨૪૩૨ |

## ટેબલ નં. ૬ : સ્પેશ્યાલીટી કામની આંકડાકીય માહિતી

| સ્પેશ્યાલીટી | ઓપીડી | | | સર્જરી | | |
|---|---|---|---|---|---|---|
| | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ |
| પડદાની તપાસ | ૮૭૧૫ | ૮૫૮૨ | ૭૫૯૩ | ૧૮૧૦ | ૧૮૧૧ | ૧૩૭૫ |
| ઝામરની તપાસ | ૨૯૪૫ | ૨૬૯૯ | ૨૯૪૩ | ૧૨૮ | ૧૧૪ | ૮૫ |
| કીકીના રોગોની તપાસ | ૪૫૨૧ | ૪૫૭૭ | ૪૯૮૦ | ૨૨૦ | ૧૮૧ | ૨૦૮ |
| આંખની પ્લાસ્ટીક સર્જરી | ૬૮૨ | ૭૫૮ | ૭૬૮ | ૨૪૫ | ૨૭૦ | ૨૩૧ |
| બાળકોની આંખ તપાસ | ૭૧૨૫ | ૭૧૭૪ | ૬૭૮૪ | ૨૧૭ | ૨૮૩ | ૨૭૩ |
| ન્યુરો ઓપ્થેલ્મોલોજી | ૨૧૪ | ૨૦૭ | ૨૩૭ | ૦ | ૦ | ૦ |
| લો વિઝન | ૧૫ | ૩૭ | ૨૮ | ૦ | ૦ | ૦ |
| કુલ | ૨૪૨૧૭ | ૨૪૦૩૪ | ૨૩૩૩૩ | ૨૬૨૦ | ૨૬૫૯ | ૨૧૭૨ |







## ટેબલ નં. ૭ : કેમ્પ સ્પેશ્યાલીટી રીફર એનાલીસીસ (૨૦૧૯-૨૦)

| મહિનો | કુલ કેમ્પ | કુલ ઓપીડી | કુલ સ્પેશ્યાલીટી રીફર | કુલ રીફર દર્દી આવ્યા | અન્ય ઓપરેશન |
|---|---|---|---|---|---|
| એપ્રિલ | ૩૫ | ૨૬૧૫ | ૧૫૫ | ૮૫ | ૩૩ |
| મે | ૪૦ | ૨૩૧૨ | ૧૫૬ | ૮૯ | ૩૬ |
| જૂન | ૪૭ | ૨૪૨૪ | ૧૬૮ | ૯૨ | ૩૮ |
| જુલાઇ | ૩૩ | ૨૪૮૪ | ૧૬૬ | ૯૯ | ૪૫ |
| ઓગષ્ટ | ૩૫ | ૧૮૯૩ | ૧૫૬ | ૯૦ | ૪૪ |
| સપ્ટેમ્બર | ૪૧ | ૪૩૨૫ | ૨૩૭ | ૧૩૧ | ૬૬ |
| ઓક્ટોબર | ૩૨ | ૨૪૫૦ | ૧૭૪ | ૯૪ | ૪૪ |
| નવેમ્બર | ૩૭ | ૩૩૫૩ | ૨૨૨ | ૧૨૧ | ૫૮ |
| ડીસેમ્બર | ૪૬ | ૪૨૩૩ | ૨૫૧ | ૧૪૨ | ૭૫ |
| જાન્યુઆરી | ૪૮ | ૬૨૦૫ | ૨૬૪ | ૧૫૪ | ૭૦ |
| ફેબ્રુઆરી | ૪૦ | ૪૦૯૨ | ૨૧૨ | ૧૧૯ | ૫૧ |
| માર્ચ | ૨૫ | ૨૭૪૨ | ૧૪૨ | ૬૦ | ૨૫ |
| કુલ | ૪૫૯ | ૩૯૧૨૮ | ૨૩૦૩ | ૧૨૭૬ | ૫૮૫ |

## ટેબલ નં. ૮ : ભૌગોલિક વિસ્તાર પ્રમાણે કુલ કામગીરી

| રાજ્ય/જિલ્લો | નવા | | જુના | | કુલ | | દાખલ દર્દી | |
|---|---|---|---|---|---|---|---|---|
| ગુજરાત | ૨૦૧૮/૧૯ | ૨૦૧૯/૨૦ | ૨૦૧૮/૧૯ | ૨૦૧૯/૨૦ | ૨૦૧૮/૧૯ | ૨૦૧૯/૨૦ | ૨૦૧૮/૧૯ | ૨૦૧૯/૨૦ |
| સુરત | ૩૩૭૨૮ | ૩૦૬૫૭ | ૧૩૧૦૪ | ૧૨૫૦૭ | ૪૬૮૩૨ | ૪૩૧૬૪ | ૩૯૪૦ | ૩૯૨૧ |
| તાપી | ૨૦૨૩૦ | ૧૮૬૦૧ | ૪૭૯૫ | ૪૦૧૦ | ૨૫૦૨૫ | ૨૨૬૧૧ | ૨૨૮૨ | ૨૫૫૬ |
| ભરૂચ | ૩૫૪૩ | ૨૯૦૬ | ૧૫૫૫ | ૧૯૬૬ | ૫૦૯૮ | ૪૮૭૨ | ૬૦૫ | ૫૮૪ |
| નર્મદા | ૬૦૯૨ | ૪૯૧૨ | ૧૨૪૯ | ૧૩૦૦ | ૭૩૪૧ | ૬૨૧૨ | ૯૮૨ | ૯૩૭ |
| નવસારી | ૨૪૧૦ | ૮૦૯ | ૪૬૮ | ૩૧૨ | ૨૮૭૮ | ૧૧૨૧ | ૩૪૨ | ૧૫૨ |
| વલસાડ | ૫૫૦ | ૩૦૧ | ૧૨૨ | ૧૬૬ | ૬૭૨ | ૪૬૭ | ૧૧૬ | ૮૬ |
| અન્ય | ૨૭૩૧ | ૨૬૩૨ | ૧૬૦ | ૧૮૪ | ૨૮૯૧ | ૨૮૧૬ | ૨૭૭ | ૬૩૭ |
| મહારાષ્ટ્ર | ૪૦૬૬ | ૫૫૪૪ | ૧૦૬૫ | ૯૩૬ | ૫૧૩૧ | ૬૪૮૦ | ૯૪૧ | ૧૧૧૯ |
| કુલ | ૭૩૩૫૦ | ૬૬૩૬૨ | ૨૨૫૨૦ | ૨૧૩૮૧ | ૯૫૮૭૦ | ૮૭૭૪૩ | ૯૪૮૫ | ૯૭૯૨ |
| વ્યારા | ૬૪૫૨ | ૬૫૪૦ | ૨૮૯૩ | ૨૯૫૬ | ૯૩૪૫ | ૯૪૯૬ | ૯૮૦ | ૭૨૭ |
| નેત્રંગ | ૬૮૯૯ | ૭૦૬૪ | ૨૨૬૧ | ૨૬૨૮ | ૯૧૬૦ | ૯૬૯૨ | ૫૩૮ | ૫૭૭ |
| ઝંખવાવ | ૧૬૫૦ | ૨૩૬૪ | ૩૬૭ | ૩૬૬ | ૨૦૧૭ | ૨૭૩૦ | ૨૮ | ૫૩ |
| સાગબારા | ૨૦૭૯ | ૨૩૭૧ | ૩૫૨ | ૧૨૯ | ૨૪૩૧ | ૨૫૦૦ | ૧૯૨ | ૨૧૦ |
| ડેડીયાપાડા | ૧૯૮૦ | ૨૩૨૫ | ૬૪૯ | ૧૬૭ | ૨૬૨૯ | ૨૪૯૨ | ૧૬૭ | ૧૭૮ |
| બારડોલી | ૧૪૩૨ | ૧૪૫૨ | ૯૩ | ૨૫૯ | ૧૫૨૫ | ૧૭૧૧ | ૦ | ૦ |
| ઉચ્છલ | ૨૭૭૦ | ૩૮૨૭ | ૫૮૨ | ૧૪૯ | ૩૩૫૨ | ૩૯૭૬ | ૫૭૮ | ૭૫૨ |
| ઉમરપાડા | ૧૬૧૩ | ૧૪૩૧ | ૩૩૭ | ૩૪૯ | ૧૯૫૦ | ૧૭૮૦ | ૮૯ | ૬૯ |
| ખાપર | ૯૨૫ | ૨૪૮૩ | ૧૪૦ | ૭૩૩ | ૧૦૬૫ | ૩૨૧૬ | ૦ | ૩૮૬ |
| કીમ | ૭૮૬ | ૨૦૦૫ | ૮૯ | ૫૮૦ | ૮૭૫ | ૨૫૮૫ | ૨૯ | ૧૦૨ |
| કોસંબા | ૬૧૨ | ૧૬૯૧ | ૯૩ | ૫૦૦ | ૭૦૫ | ૨૧૯૧ | ૦૯ | ૮૨ |
| કુલ (આઉટરીચ સેન્ટર) | ૨૭૧૯૮ | ૩૩૫૫૩ | ૭૮૫૬ | ૮૮૧૬ | ૩૫૦૫૪ | ૪૨૩૬૯ | ૨૬૧૦ | ૩૧૩૬ |
| કુલ | ૧૦૦૫૪૮ | ૯૯૯૧૫ | ૩૦૩૭૬ | ૩૦૧૯૭ | ૧૩૦૯૨૪ | ૧૩૦૧૧૨ | ૧૨૦૯૫ | ૧૨૯૨૮ |

### આંખમાં જીવંત કૃમિ - કવચિત જોવા મળતી ઘટના

૨૬ વર્ષના પ્રભાબેન સુનિલભાઇ વસાવા, ગામ નાની દેવરૂપણ, તા. સાગબારા, જિ. નર્મદાના રહીશ છે. તેમને એકવાર રાત્રે આંખમાં જીવડું પડતાં આંખ લાલ થઇ ગઇ, તેથી સવારે સાગબારા વિઝન સેન્ટર પર બતાવવા ગયા હતા; ત્યાંથી તેમને માંડવી રીફર કર્યા.

પ્રભાબહેનને કીકીના ડૉક્ટરે તપાસ્યા અને દવા શરૂ કરી, ૧ અઠવાડિયા પછી બોલાવ્યા હતા. અઠવાડિયા પછી તેઓ ફરી બતાવવા આવ્યા ત્યારે આંખમાં જીવંત કૃમિ (વર્મ) જોવા મળ્યું તેથી તરત ઓપરેશન કરાવવા સમજાવ્યું.

પ્રભાબેન એકલા જ આવ્યા હોવાથી ઓપરેશન કરાવવાની ના પાડતા હતા. પરંતુ સ્ટાફ અને ડૉક્ટરે તેમને સમજાવ્યું કે આ વર્મ આંખમાં મોટું પણ થઇ શકે અને શરીરના અન્ય ભાગમાં પહોંચી જાય, તો ગંભીર જોખમ ઉભું થાય. આમ સમજાવવાથી પ્રભાબેન ઓપરેશન માટે તૈયાર થયા અને જીવતા કૃમિને બહાર કાઢેલું જોતા જ આશ્ચર્યચકિત થઇ ગયા. આંખમાંથી કૃમિ બહાર નીકળતા જ તેમને રાહત થઇ ગઇ.

દરેક પ્રકારના આંખના ઓપરેશનો થતા હોવાથી હોસ્પિટલ, આંખની તકલીફવાળા દર્દીઓ માટે આશીર્વાદરૂપ છે.



## ટેબલ નં. ૯ : ઓપરેશન કામગીરી

| સર્જરીનું નામ | સ્થિતિપાત્ર દર્દીઓ | | અંશતઃ માફી | | સંપૂર્ણ માફી | | કુલ ઓપરેશન | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨૦૧૮/૧૯ | ૨૦૧૯/૨૦ | ૨૦૧૮/૧૯ | ૨૦૧૯/૨૦ | ૨૦૧૮/૧૯ | ૨૦૧૯/૨૦ | ૨૦૧૮/૧૯ | ૨૦૧૯/૨૦ |
| મોતિયો-ફેકો વડે નેત્રમણિ સહિત | ૫૪૯ | ૬૯૪ | ૨૧ | ૨૭ | ૧૪૧૪ | ૧૬૧૮ | ૧૯૮૪ | ૨૩૪૧ |
| મોતિયાનું ટાંકા વગર નેત્રમણિ સાથે | ૨૩૨ | ૧૮૪ | ૩૮૪ | ૩૬૩ | ૪૪૦૬ | ૪૪૯૮ | ૫૦૨૨ | ૫૦૪૫ |
| સાદો મોતિયો - નેત્રમણિ વિના | ૦૪ | ૦૧ | ૦૫ | ૦૫ | ૩૯ | ૨૮ | ૪૮ | ૩૪ |
| મોતિયો - ઝામર - નેત્રમણિ | ૧૧ | ૦૫ | ૦૩ | ૦૧ | ૬૧ | ૪૪ | ૭૫ | ૫૦ |
| મોતિયો - વેલ - નેત્રમણિ | ૧૮ | ૦૯ | ૦૬ | ૦ | ૨૮૬ | ૨૮૧ | ૩૧૦ | ૨૯૦ |
| ઝામરનું ઓપરેશન | ૧૨ | ૧૭ | ૦૨ | ૦૩ | ૧૮ | ૧૩ | ૩૨ | ૩૩ |
| કીકી બદલવાનું ઓપરેશન | ૨૮ | ૩૮ | ૧૭ | ૧૬ | ૧૩૫ | ૧૫૪ | ૧૮૦ | ૨૦૮ |
| એવાસ્ટીન ઈંજેક્શન | ૩૯૮ | ૩૫૨ | ૩૩ | ૩૭ | ૯૭ | ૧૪૬ | ૫૨૮ | ૫૩૫ |
| વેલ | ૮૯ | ૪૪ | ૧૦ | ૩૦ | ૪૯૨ | ૪૭૫ | ૫૯૧ | ૫૪૯ |
| ખસી ગયેલ પડદાનું ઓપરેશન | ૦૧ | ૦ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦ | ૦૪ | ૦૧ |
| વિટ્રેક્ટોમી | ૩૧ | ૧૧ | ૪૯ | ૩૨ | ૨૦૩ | ૧૬૯ | ૨૮૩ | ૨૧૨ |
| નાસુરનું ઓપરેશન | ૩૨ | ૧૪ | ૧૯ | ૨૩ | ૯૯ | ૯૪ | ૧૫૦ | ૧૩૧ |
| રેટીનલ ડીટેચમેન્ટ + વિટ્રેક્ટોમી | ૦૬ | ૦૬ | ૨૭ | ૧૧ | ૩૮ | ૪૧ | ૭૧ | ૫૮ |
| મોતિયો-વિટ્રેક્ટોમી-નેત્રમણિ | ૦૭ | ૦૬ | ૨૪ | ૧૪ | ૨૨૨ | ૨૦૮ | ૨૫૩ | ૨૨૮ |
| પડદાની અન્ય સારવાર | ૨૩ | ૧૮ | ૦૨ | ૦૩ | ૬૦ | ૪૭ | ૮૫ | ૬૮ |
| ઢળેલી પાંપણની શસ્ત્રક્રિયા | ૩૯ | ૨૩ | ૧૨ | ૧૪ | ૬૨ | ૬૩ | ૧૧૩ | ૧૦૦ |
| ત્રાંસી આંખ | ૧૧ | ૧૨ | ૦૫ | ૦૫ | ૩૨ | ૧૯ | ૪૮ | ૩૬ |
| અન્ય ઓપરેશન | ૪૦ | ૫૦ | ૬૨ | ૪૮ | ૩૬૫ | ૩૭૩ | ૪૬૭ | ૪૭૧ |
| ચેલેઝીયોન (આંજણી) | ૯૫ | ૭૪ | ૦૭ | ૦૪ | ૧૪ | ૧૧ | ૧૧૬ | ૮૯ |
| આંખમાંથી કચરૂ કાઢવાની પ્રક્રિયા | ૮૫૨ | ૭૧૪ | ૦૨ | ૦૨ | ૧૧ | ૧૦ | ૮૬૫ | ૭૨૬ |
| મોતિયા પછી થતી છારી કાઢવાનું લેસર | ૫૮૧ | ૫૨૩ | ૩૦ | ૩૫ | ૪૯૬ | ૫૦૧ | ૧૧૦૭ | ૧૦૫૯ |
| લેસર વડે પડદાની સારવાર | ૫૯૦ | ૪૦૧ | ૨૩ | ૧૪ | ૧૪૬ | ૧૩૭ | ૮૫૯ | ૫૫૨ |
| કુલ | ૩૬૪૯ | ૩૧૯૮ | ૭૪૪ | ૬૮૮ | ૮૬૯૮ | ૮૯૩૦ | ૧૩૧૯૧ | ૧૨૮૧૬ |



### દાદીમા દેખતા થયા

ગીબુબેન દોહરીયાભાઇ વસાવા, ગામ બોગડા, તા. અક્કલકૂવા, જિ. નંદુરબારના રહીશ છે. તેઓ ૮૦ વર્ષના છે અને છેલ્લા બે વર્ષથી અંધાપો વેઠતા હતા.

દિવ્યજ્યોતિ ટ્રસ્ટ દ્વારા ખાપર મુકામે આયોજિત નેત્રનિદાન કેમ્પમાં તેમના પુત્ર, ગીબુબેનને આંખ તપાસ માટે લઇ આવ્યા. કેમ્પમાં તપાસતા જણાયું કે તેમની બન્ને આંખમાં મોતિયો છે અને ઓપરેશન કરવું પડશે, તેથી કેમ્પની બસમાં બેસાડી માંડવી લાવ્યા.

શરૂઆતમાં તેમને ડર લાગતો હતો, પરંતુ કાઉન્સેલર દ્વારા સમજાવટ કરવાથી તેઓ ઓપરેશન કરાવવા તૈયાર થયા. પ્રથમ જમણી આંખનું ઓપરેશન થયું. બીજા દિવસે પટ્ટી ખોલતાં જ જમણી આંખે દેખાતું થતા ગીબુબેન ખુશ થઇ ગયા અને ડાબી આંખનું ઓપરેશન કરાવવા તૈયાર થઇ ગયા તેથી બીજા દિવસે ડાબી આંખનું ઓપરેશન પણ થઇ ગયું.

ગીબુબેનની આર્થિક સ્થિતિ જોતાં તેમના બન્ને આંખના ઓપરેશન માફીમાં કર્યા. હવે તેઓ સ્વનિર્ભર થઇ ગયા છે તેથી ઘરના સભ્યો અને ગીબુબેન બધા ખુશ ખુશ છે અને તેજસ આંખની હોસ્પિટલના સ્ટાફને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવે છે.

## ડાયાબિટીક રેટીનોપથી પ્રોજેક્ટ

ડાયાબિટીક રેટીનોપથી પ્રોજેક્ટ જે ફેબ્રુઆરી-૨૦૧૯ થી સુરત જિલ્લામાં શરૂ થયો હતો, તે નિર્ધારીત સમય મુજબ માર્ચ-૨૦૧૯માં પુરો થવાનો હતો, પરંતુ તેને જુન-૨૦૧૯ સુધી લંબાવવામાં આવ્યો. આ સમયગાળા દરમિયાન નીચે મુજબની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી.

૧૦મી એપ્રિલે પ્રોજેક્ટ સ્ટીયરીંગ કમિટીની મીટિંગ હૈદ્રાબાદ ખાતે હતી જેમાં ડૉ. ઉદયભાઇએ ફેકલ્ટી તરીકે હાજરી આપી. ડાયાબિટીક રેટીનોપથી વિશે ટીવી-૯ પર ડૉ. સ્વપ્નીલભાઇએ જાણકારી આપી. ૨ થી ૪ મે દરમિયાન ઓપ્થેલ્મીક આસિસ્ટન્ટની તાલીમ કરી અને ડૉક્ટરોની CCDR સાયકલ IVની ટ્રેનીંગ પણ કરી.

મે અને જૂનમાં અનુક્રમે વ્યારા અને બારડોલી મેડીકલ એસોસિયેશનના ડૉક્ટર્સ માટે ડાયાબિટીક રેટીનોપથી અંગે CMEનું આયોજન કર્યુ.

પ્રોજેક્ટ લંબાવવા પાછળનો આશય બીજા જિલ્લાઓ - રાજપીપળા (જિ. નાદોદ) અને વ્યારા (જિ. તાપી)ના જુદા જુદા પાંચ સામુહિક આરોગ્ય કેન્દ્રો - તિલકવાડા, બારડોલી, સોનગઢ, કામરેજ તથા વાલોડ પર તથા બંને જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં ડાયાબિટીક રેટીનોપથીના સાધનો આપી, ત્યાંના સ્ટાફની તાલીમ કરીને, આ વિસ્તારના લોકો માટે ડાયાબિટીક રેટીનોપથીની સારવાર ઉપલબ્ધ કરાવી શકાય તે હતો. તેથી આ પાંચ CHC પર નોન-મીડીયાટ્રીક ફંડ્સ કેમેરા તથા રાજપીપળા અને વ્યારા સિવિલ હોસ્પિટલમાં ગ્રીન લેસર અને ઓસીટી મશીન ઈન્સ્ટૉલ કર્યા.

વ્યારા જનરલ હોસ્પિટલને આ સાધનો નવેમ્બરમાં અર્પણ કર્યા જેનું ઉદ્ઘાટન મંત્રીશ્રી યોગેશભાઇએ કર્યુ. વ્યારા જનરલ હોસ્પિટલમાં કાર્યરત ડૉ. પાર્થ ટંડેલને મેડીકલ રેટીનાની તાલીમ આપી.

બધા જ સાધનો પર સ્ટીકર્સ લગાડ્યા તેમજ ડાયાબિટીક રેટીનોપથીના ફોટા સાથે નવા પોસ્ટર તૈયાર કરીને જિલ્લામાં વહેંચ્યા.

જૂનમાં ડાયાબિટીક રેટીનોપથીના કેમ્પ કર્યા. લાયન્સ ક્લબ ઑફ બારડોલીના ઉપક્રમે સામાન્ય માણસ સમજી શકે તે માટે ડાયાબિટીસ, ડાયાબિટીક રેટીનોપથી વિશે સમજણ આપી અને ડાયાબિટીક રેટીનોપથીની તપાસ કરી.







## દિવાળીબા ઓપ્ટોમેટ્રી કોલેજ

વર્ષની શરૂઆતમાં જ (એપ્રિલમાં) દિવાળીબા ઓપ્ટોમેટ્રી કૉલેજના બન્ને વર્ષના વિદ્યાર્થીઓએ આણંદ ખાતે યોજાયેલ ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં ભાગ લીધો. દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓએ પોસ્ટર પ્રદર્શનમાં દ્વિતીય ઈનામ મેળવ્યું અને પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓએ આશ્વાસન ઈનામ મેળવ્યું, જે ઘણા આનંદની વાત છે.

આ વર્ષથી બધા વિદ્યાર્થીઓ ઉકા તરસાડીયા યુનિવર્સિટી, માલીબા કેમ્પસમાં સેન્ટર ફૉર હ્યુમેનીટીસ દ્વારા ચલાવાતા સોફ્ટ સ્કીલ ડેવલપમેન્ટના ક્લાસમાં ભાગ લઈ શકે એ માટે વાહન વ્યવસ્થા ગોઠવી અને વિદ્યાર્થીઓએ નિયમિત રીતે આ ક્લાસમાં હાજરી આપી. ત્રીજા વર્ષ માટે મંજૂરી મળતાં નવા ૧૨ વિદ્યાર્થીઓએ બી.ઓપ્ટોમેટ્રી કોર્ષમાં એડમીશન લીધું.

સીનીયર સ્ટુડન્ટ્સને ઈન્ટર્નશીપ માટે વિઝનસ્પ્રીંગ સંસ્થા અને એસ્સીલોર કાું. તરફથી ઓફર મળી છે. આ વિદ્યાર્થીઓએ તેમના થીસીસના ભાગરૂપે તાપી જિલ્લામાં થયેલ RAAB + ડાયાબિટીસ તથા ડાયાબિટીક રેટીનોપથીના સર્વે માટે ફિલ્ડ વર્ક કર્યુ. આ સર્વેની એન્ટ્રી પણ કરી. આ વિદ્યાર્થીઓએ તેમના અભ્યાસના ભાગ રૂપે 'સાઈકીયાટ્રી' વિષય શીખવાનો હોય છે. નિયમિત રીતે સુરતના સાઈકોલોજીસ્ટ શીખવવા આવે છે. તે ઉપરાંત અમેરિકાથી આવેલા પ્રો. સુહલ શાહે આ વિદ્યાર્થીઓને સાયકોલોજી વિષય પર સમજ આપી.



# તાલીમ (સ્ટાફ)

અગાઉ જણાવ્યું તેમ, જ્યારે હોસ્પિટલ શરૂ કરી ત્યારે તાલીમ પામેલા સ્ટાફની અછતને કારણે ઘણા પડકારોનો સામનો કરવો પડ્યો. પરંતુ હોસ્પિટલમાં જ તાલીમ પ્રવૃત્તિ શરૂ કરવાને કારણે તાલીમ પ્રાપ્ત સ્ટાફની અછત દૂર કરી શક્યા અને આ સ્ટાફની વારંવાર પુનઃતાલીમ કરવાને કારણે પ્રવૃત્તિ વધારે સઘન અને ગુણવત્તાસભર કરી શક્યા છીએ.

વર્ષ દરમિયાન જુદી જુદી તાલીમ હાથ ધરવામાં આવી જે નીચે મુજબ છે :

**CME :-**

| ક્રમ | તારીખ | ભાગ લેનાર | વિષય | ફેકલ્ટી |
|---|---|---|---|---|
| ૧ | ૬-૪-૨૦૧૯ | ઓપ્થેલ્મોલોજીસ્ટ | પ્રિમીયમ IOL | ડૉ. નિરવ શાહ |
| ૨ | ૧૩-૧-૨૦૨૦ | ઓપ્થેલ્મોલોજીસ્ટ | બેઝીક્સ ઑફ કોર્નીયલ અલ્સર મેનેજમેન્ટ | ડૉ. જૈમ માર્ટીનેઝ |
| ૩ | ઓક્ટોબર | ઓપ્થેલ્મીક આસિસ્ટન્ટ | CME | ઈન હાઉસ |
| ૪ | ૭-૩-૨૦૨૦ | નર્સિંગ સ્ટાફ | CME | ઈન હાઉસ |

## બહારના ડોક્ટર્સની તાલીમ :- (ફેકો)

| ક્રમ | મહિના | ડૉક્ટરનું નામ | શહેર |
|---|---|---|---|
| ૧ | એપ્રિલ-૨૦૧૯ | ડૉ. રૂચિતા સુહાગીયા | અંકલેશ્વર |
| ૨ | મે-૨૦૧૯ | ડૉ. માનસી મોદી | ભરૂચ |
| ૩ | જૂન-૨૦૧૯ | ડૉ. યશ ગાંધી | સુરત |
| ૪ | જુલાઈ-૨૦૧૯ . | ડૉ. ફેનાલી મોદી | સુરત |
| ૫ | ઓગષ્ટ-૨૦૧૯ | ડૉ. કશ્યપ પટેલ | ભાવનગર |
| ૬ | સપ્ટેમ્બર-૨૦૧૯ | ડૉ. ભાવિન ચૌધરી | વ્યારા |
| ૭ | ઓક્ટોબર-૨૦૧૯ | ડૉ. શ્વેતા કોસમીયા | સુરત |
| ૮ | નવેમ્બર-૨૦૧૯ | ડૉ. અવિયલ ગુડકર | મુંબઈ |
| ૯ | નવેમ્બર-૨૦૧૯ | ડૉ. યશવી નથવાણી | ભરૂચ |
| ૧૦ | *ડીસેમ્બર-૨૦૧૯ | ડો. અંકિત બારોટ | સુરત |
| ૧૧ | જાન્યુઆરી-૨૦૨૦ | ડૉ. પરિ દેસાઈ | નવસારી |



* ડીસેમ્બરમાં ૧ અઠવાડિયું એડવાન્સ ફેકો તાલીમ લેવા વડોદરાથી ડૉ. શૈલેષભાઈ મહેતા આવ્યા હતા.

**SICS :-**

| ક્રમ | મહિના | ડૉક્ટરનું નામ | શહેર |
|---|---|---|---|
| ૧ | જૂન-જુલાઈ ૨૦૧૯ | ડૉ. કશ્યપ પટેલ | ભાવનગર |
| ૨ | ઓગષ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૯ | ડૉ. રામ ઠક્કર | કચ્છ |
| ૩ | ઓક્ટોબર-નવે. ૨૦૧૯ | ડૉ. યશવી નથવાણી | ભરૂચ |
| ૪ | જાન્યુ.-ફેબ્રુ. ૨૦૨૦ | ડૉ. રાધીકા પટેલ | સુરત |

## મેડીકલ રેટીના ફેલોશીપ :-

| ક્રમ | મહિના | ડૉક્ટરનું નામ | શહેર |
|---|---|---|---|
| ૧ | એપ્રિલ-મે ૨૦૧૯ | ડૉ. કપિલ વરુ | ઉના |
| ૨ | સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૧૯ | ડૉ. યશવી નથવાણી | ભરૂચ |
| ૩ | ઓક્ટોબર-નવેમ્બર ૨૦૧૯ | ડૉ. દિપ્તી બોડા | મોરબી |
| ૪ | ૧૫ ઓક્ટો. થી ૧૪ નવે.૧૯ | ડૉ. પાર્થ ટંડેલ | વ્યારા |
| ૫ | જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૨૦ | ડૉ. સુહાની પટેલ | સુરત |

## લોન્ગ ટર્મ ફેલોશીપ :-

| ક્રમ | વર્ષ | ડૉક્ટરનું નામ | ફેલોશીપ | શહેર |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦ | ડૉ. ભાવિકા પટેલ | કોર્નીયા ફેલોશીપ | સુરત |
| ૨ | ૨૦૧૯-૨૦ | ડૉ. યશ ઓઝા | કોમ્પ્રીહેન્સીવ ફેલોશીપ | સુરત |

# પ્રેઝન્ટેશન

સંસ્થા દ્વારા થતી વિવિધ કામગીરી, રીસર્ચની પ્રવૃત્તિ અને તેને આધારે મળેલા પરિણામો અંગે જુદી જુદી કોન્ફરન્સમાં રજૂઆત કરવાની તક મળતી હોય છે. હોસ્પિટલના ડૉક્ટરોએ જુદી જુદી કોન્ફરન્સમાં નીચે મુજબ હાજરી આપી અને પ્રેઝન્ટેશન રજૂ કર્યા.

| ક્રમ | તારીખ | સ્ટાફનું નામ | વિષય | સ્થળ | વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૦-૪-૨૦૧૯ | ડૉ. ઉદય ગજીવાળા | ડાયાબિટીક રેટીનોપથી પ્રોજેક્ટની ૩જી સ્ટીયરીંગ કમિટી મીટિંગ | હૈદ્રાબાદ | ફેકલ્ટી |
| ૨ | ૧૧-૧૪ એપ્રિલ | નિખીલ મહેતા<br>વિપુલ જોષી | ચશ્મા વેચાણ અંગે વર્કશોપ | દિલ્હી | સહભાગી |
| ૩ | ૧-૧૦ મે ૨૦૧૯ | ડૉ. આતીયા પઠાણ | DSEAK/DALK ટ્રેનીંગ વર્કશોપ | અંબાલા | સહભાગી |
| ૪ | ૯-૧૦ મે ૨૦૧૯ | ડૉ. ઉદય ગજીવાળા<br>ડૉ. રોહન ચરીવાલા | ટ્રેકોમા સર્વેલન્સ ટ્રેનીંગ પ્રોગ્રામ | અમદાવાદ | સહભાગી |
| ૫ | ૧૨-૧૪ જૂન ૨૦૧૯ | ડૉ. ઉદય ગજીવાળા<br>વિમલ પ્રજાપતિ | ડાયાબિટીક રેટીનોપથી પ્રોજેક્ટ ડીસેમીનેશન વર્કશોપ | હૈદ્રાબાદ | ફેકલ્ટી |
| ૬ | ૮-૯ | ડૉ. ઉદય ગજીવાળા<br>ડૉ. રોહન, નિખીલ મહેતા, જીજ્ઞેશ પટેલ | ૧૨મી વાર્ષિક કોન્ફરન્સ, વિઝન-૨૦૨૦ | ચેન્નાઈ | ફેકલ્ટી<br>સહભાગી |
| ૭ | ૧૨-૭-૨૦૧૯ | નિખીલ મહેતા | CSR ઈનીશીએટીવ | અમદાવાદ | સહભાગી |
| ૮ | ૧૫-૭-૨૦૧૯ | ડૉ. ઉદય ગજીવાળા<br>નિખીલ મહેતા | પાર્ટનર્સ મીટિંગ | પૂણે | ફેકલ્ટી<br>સહભાગી |
| ૯ | ૪-૮-૨૦૧૯ | ડૉ. ઉદય ગજીવાળા | એકોઈન, તેલંગાણા | હૈદ્રાબાદ | ફેકલ્ટી |
| ૧૦ | ૬-૮-૨૦૧૯ | નિખીલ મહેતા<br>વિમલ પ્રજાપતિ | CSR ઓપોર્ચ્યુનીટી | સુરત | સહભાગી |
| ૧૧ | ૨૩-૨૪ ઓગષ્ટ ૨૦૧૯ | ડૉ. નિરાલી, ડૉ.અલકા, ડૉ.ભાવિકા | કોલોકીયમ | અમદાવાદ | સહભાગી |
| ૧૨ | ૨૪-૮-૨૦૧૯ | ડૉ. ઉદય ગજીવાળા | સ્ટરીલાઈઝેશન પ્રોટોકોલ ગાઇડલાઇન | દિલ્હી | સહભાગી |
| ૧૩ | ૨૮-૮-૨૦૧૯ | ડૉ. ઉદય ગજીવાળા | A.I.O.S. ક્લસ્ટર એન્ડોપ્થેલ્માઈટીસ ટાસ્કફોર્સ મીટિંગ | દિલ્હી | સહભાગી |
| ૧૪ | ૬-૯-૨૦૧૯ | અલ્પેશ મિસ્ત્રી<br>ધવલ ચૌધરી | સ્ટાન્ડર્ડાઈઝીંગ પ્રાઈમરી આઈકેર | ઉદેપુર | સહભાગી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫ | ૧૪-૧૫ ઓક્ટોબર | ડૉ. દેવાંશી વસાવા<br>શિવાની, વિરલ, પૂજા | ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ | માલીબા<br>બારડોલી | સહભાગી |
| ૧૬ | ૨૦-૨૨ સપ્ટેમ્બર | ડૉ. શીતલબેન ચૌધરી | ગ્લુકોમા કોન્ફરન્સ | લખનૌ | સહભાગી |
| ૧૭ | ૨૭-૨૯ સપ્ટેમ્બર | ડૉ. રોહન ચરીવાલા<br>ડૉ. નિરાલી પટેલ | GOS કોન્ફરન્સ | મહેસાણા | ફેકલ્ટી<br>સહભાગી |
| ૧૮ | ૨૭-૨૮ સપ્ટેમ્બર | ડૉ. ઉદય ગજીવાળા | ગ્લોબલ સમિટ | મદુરાઈ | સહભાગી |
| ૧૯ | ૨૮ સપ્ટેમ્બર | અશોક પરમાર, મિલન<br>પટેલ, જીજ્ઞેશ પટેલ,<br>સુરેન્દ્ર ચૌધરી | ઈક્વીપમેન્ટ મેન્ટેનન્સ ટ્રેનીંગ | સીતાપુર<br>ઉત્તરપ્રદેશ | સહભાગી |
| ૨૦ | ૬ ઓક્ટોબર | ડૉ. ઉદય ગજીવાળા | ઈન્ફેકશન કંટ્રોલ | ઈન્દોર | રીસોર્સ પર્સન |
| ૨૧ | ૧૨-૧૯ ઓક્ટોબર | ડૉ. ભાવિકા પટેલ | આઈ બેંકિંગ | હૈદ્રાબાદ | સહભાગી |
| ૨૨ | ૧૪-૧૫ ઓક્ટોબર | વિમલ પ્રજાપતિ | AOP ટ્રેનીંગ વર્કશોપ | દિલ્હી | સહભાગી |
| ૨૩ | ૧૬-૧૭ ઓક્ટોબર | વિમલ પ્રજાપતિ,<br>જીજ્ઞેશ, શિવાની | ટ્રેનીંગ વર્કશોપ | દિલ્હી | સહભાગી |
| ૨૪ | ૧૫-૨૨ નવેમ્બર | વિરલ ટેલર, સુનીતા | ડેટા મેનેજમેન્ટ, ઓટી મેનેજમેન્ટ | મદુરાઈ | સહભાગી |
| ૨૫ | ૧૫-૨૨ નવેમ્બર | રેખા અને બીના | ઈન્ફેકશન કંટ્રોલ મેઝર | મદુરાઈ | સહભાગી |
| ૨૬ | ૧૫ નવે. થી ૮ ડીસે. | ધવલ ચૌધરી | આઉટરીચ મેનેજમેન્ટ | મદુરાઈ | સહભાગી |
| ૨૭ | ૨૯ નવે. થી ૧ ડીસે. | ડૉ. ઉદય,<br>ડૉ. શીતલ, ડૉ. રોહન | CCC-2019<br>વર્લ્ડ કોન્ફરન્સ ઓફ MSICS સોસાયટી | કલકત્તા | ફેકલ્ટી |
| ૨૮ | ૧૩-૧૪ ડીસેમ્બર | ડૉ. ઉદય ગજીવાળા,<br>નિખીલ મહેતા | ઓર્ગેનાઇઝેશનલ બીહેવીયર એન્ડ<br>ચેઈન્જ મેનેજમેન્ટ | વાઈઝેગ<br>આંધ્રપ્રદેશ | સહભાગી |
| ૨૯ | ૨૮-૨૯ ડીસેમ્બર | ડૉ. ઉદય ગજીવાળા,<br>નિખીલ મહેતા | સ્ટ્રેટેજીક પ્લાનીંગ ફોર નેક્ષ્ટ થ્રી યર્સ | પૂણે | સહભાગી |
| ૩૦ | ૧૮-૨૦ જાન્યુઆરી-૨૦ | વિપુલ જોષી<br>દીપક પ્રજાપતિ | ઓપ્ટીક-૨૦૨૦ | મુંબઈ | સહભાગી |
| ૩૧ | જાન્યુઆરી-૨૦૨૦ | મીતેશ વસાવા<br>ધીરૂભાઈ ગામીત | કાઉન્સેલીંગ વર્કશોપ | રાયપુર<br>છત્તીસગઢ | સહભાગી |
| ૩૨ | ૧૮-૨૫ જાન્યુઆરી-૨૦ | ડૉ. ઉદય ગજીવાળા | મેનેજમેન્ટ પ્રાયોરીટી વર્કશોપ | મદુરાઈ | ફેકલ્ટી |
| ૩૩ | ૧ માર્ચ-૨૦૨૦ | ડૉ. ઉદય ગજીવાળા | કોમ્પ્રીહેન્સીવ ઓપ્થેલ્મોલોજી વર્કશોપ | વીસનગર | ફેકલ્ટી |



## કન્સલ્ટન્સી - નેટવર્કીંગ - ઈવેલ્યુએશન

ડૉ. ઉદયભાઇ ઓપરેશન પછી થતા ઈન્ફેકશનને નિવારવા માટે રાષ્ટ્રીય કક્ષાએ નિષ્ણાંત ગણાય છે. તેથી ફંડીંગ એજન્સીઓ દ્વારા જુદી જુદી સંસ્થાના મૂલ્યાંકનનું કામ સંભાળે છે. વર્ષ દરમિયાન કરેલી કામગીરી નીચે મુજબ છે :

| ક્રમ | તારીખ | હોસ્પિટલનું નામ | મૂલ્યાંકન | સ્પોન્સર |
|---|---|---|---|---|
| ૧ | ૧૫-૪-૨૦૧૯ | બ્લાઈન્ડ પીપલ્સ એસોસીએશન દ્વારા સંચાલિત બારેજા આઈ હોસ્પિટલ, અમદાવાદ | ક્લીનીકલ ક્વોલીટી ઓડીટ | બારેજા આઈ હોસ્પિટલ |
| ૨ | ૧૮-૧૧-૨૦૧૯ | મુંબઈ ખાતે મીશન ફોર વિઝન દ્વારા સંચાલિત વિઝન સેન્ટર્સ | ક્લીનીકલ ક્વોલીટી ઓડીટ | મીશન ફોર વિઝન |
| ૩ | ૧૯-૨૧ નવેમ્બર | સિનોદ આઈ હોસ્પિટલ, એઝવાલ, મીઝોરમ | ક્લીનીકલ ક્વોલીટી ઓડીટ | મીશન ફોર વિઝન |
| ૪ | ૨૪-૨૫ ફેબ્રુઆરી | નિર્મલ આશ્રમ આઈ હોસ્પિટલ, ઋષિકેશ | ક્લીનીકલ ક્વોલીટી ઓડીટ | નિર્મલ આશ્રમ |

- ૧૧મી એપ્રિલે ગુજરાત સરકાર દ્વારા ગાંધીનગર મુકામે આઉટ બ્રેક પોલીસી બનાવવાની મીટિંગમાં ડૉ. ઉદયભાઇએ હાજરી આપી.
- ગુજરાત સરકારના મેડીકલ સ્ટાફ માટે ઈન્ફેકશન કંટ્રોલ વિષય પર સેટકોમ - વિડીયો કોન્ફરન્સ દ્વારા તા.૨૪-૪-૨૦૧૯, ૮-૫-૨૦૧૯, ૧૨-૬-૨૦૧૯, ૧૨-૭-૨૦૧૯, ૮-૧૨-૨૦૧૯, ૮-૧-૨૦૨૦ અને ૧૨-૨-૨૦૨૦ ના રોજ ડૉ. ઉદયભાઇએ / ડૉ. અમીષભાઇએ વાર્તાલાપ કર્યા.

## આઉટરીચ એક્ટીવીટી

સાહીબા ટેક્ષટાઈલ મીલ્સ પ્રા.લી. ના સંચાલકોની વિનંતીને ધ્યાનમાં લઇ તેમના બધા સ્ટાફની આંખ તપાસની કામગીરી હાથ ધરી.

ટ્રક ડ્રાઈવર્સ સામાન્ય રીતે હંમેશા ઘર બહાર રહેતા હોવાથી, તેમની આંખ તપાસ થતી નથી. તેથી, સાઈટસેવર્સ સંસ્થાના ''રાહી'' પ્રોજેક્ટ અંતર્ગત આ ડ્રાઈવર્સની આંખ તપાસ કરવામાં આવી. જેમાં કુલ ૩૨૨ ટ્રક ડ્રાઈવર્સની તપાસ કરીને તેમાંથી ૨૨૧ ને ચશ્મા વિતરણ કર્યા તથા ૧૦ને વધારે તપાસ માટે માંડવી રીફર કર્યા. તે જ રીતે માંડવીના બસ ડેપોના લગભગ ૮૪ બસ ડ્રાઈવર્સની આંખ તપાસ કરી.

ઉમરદા આશ્રમશાળા અને સઠવાવ આશ્રમ શાળાના વિદ્યાર્થીઓની તપાસ કરી જેમાં અનુક્રમે ૭૪ અને ૧૨૫ વિદ્યાર્થીઓની તપાસ થઇ.

વ્યારાની સ્કૂલના બાળકોની આંખ તપાસ કરી તેમજ વિઝનસ્પ્રીંગ દ્વારા બાળકોને ચશ્માની વહેંચણી કરવામાં આવી.

## કેમ્પ




હોસ્પિટલની પ્રવૃત્તિમાં કેમ્પની પ્રવૃત્તિ અત્યંત મહત્ત્વની છે. કેમ્પમાં મળતી સુવિધા અને ગુણવત્તાસભર કામગીરીની પ્રતિષ્ઠાને કારણે કેમ્પનો વધુ ને વધુ લોકો લાભ લઈ રહ્યા છે.

કાકરાપાર અણુમથક દ્વારા તેમની CSR એક્ટીવીટીના ભાગરૂપે દર વર્ષે માર્ચ મહિનામાં એક મેગા કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ કેમ્પમાં લાભ લેનાર દર્દીઓની સંખ્યા વર્ષોવર્ષ વધતી રહી છે. જેમાં આ વર્ષે મેગા કેમ્પ દરમિયાન ૬૪૩ દર્દીઓની ઓપીડી થઇ, ૪૦૦ દર્દીઓને ચશ્મા આપ્યા અને ૨૦૦ દર્દીઓને ઓપરેશન માટે રીફર કર્યા. કુલ ૧૭૧ દર્દીના ઓપરેશન થયા.

વર્ષ દરમિયાન કુલ ૪૬૫ કેમ્પ થયા, જેમાં ૪૧૧૫૫ દર્દીઓની આંખની તપાસ કરી અને કેમ્પ દ્વારા રીફર કરેલા દર્દીઓમાંથી ૫૫૦૨ દર્દીઓના મોતિયાના ઓપરેશન થયા અને ૮૭૨ દર્દીઓને સ્પેશ્યાલીસ્ટ માટે રીફર કર્યા.

## નેત્રંગ - ઝંખવાવ - વ્યારા સેટેલાઈટ સેન્ટર



ત્રણે સેટેલાઈટ સેન્ટરો પર ઓપીડી તપાસ અને ઓપરેશનની કામગીરી નિયમિત રીતે થઇ રહી છે. નેત્રંગ સેન્ટર પર ઓપીડીમાં બતાવવા આવતા દર્દીઓની સંખ્યા વધતાં નેત્રંગના સુપ્રિન્ટેન્ડન્ટશ્રીને રજૂઆત કરીને બીજા રૂમમાં પણ ઓપીડી તપાસ થઇ શકે એ માટે મંજુરી મેળવી. આમ દર્દીઓની સુવિધા વધારવાની વ્યવસ્થા જાન્યુઆરી-૨૦૨૦થી કરી.

વ્યારા સેટેલાઈટ સેન્ટર પર ડૉક્ટરની નિયમિત હાજરી અને જનક સ્મારક હોસ્પિટલના વહીવટકર્તાઓની સતત મદદને કારણે નોંધપાત્ર કામગીરી થાય છે. વ્યારા સેટેલાઇટ સેન્ટર દ્વારા ૭૨૭ મોતિયાના ઓપરેશન થયા.

### નાનકડા દિલીપની પાંપણ સંધાઈ ગઇ

નાનકડો દિલીપ (ઉંમર ૫ વર્ષ) પોતાના પિતા સાથે ખેતરમાં ગયો હતો. તે ખેતરમાં અન્ય બાળકો સાથે રમતો હતો ત્યારે તેની આંખમાં લાકડું વાગી ગયુ હતુ અને લોહી નીકળતુ હતું, તેથી તેને તરત જ ડેડીયાપાડા સિવિલ હોસ્પિટલ પર લઇ ગયા. પરંતુ ત્યાંથી તેમને તેજસ આંખની હોસ્પિટલમાં રીફર કર્યા હતા.

હોસ્પિટલમાં ડૉક્ટરે તેને તપાસતા જણાયું કે દિલીપની પાંપણ ફાટી ગઇ છે, તેથી ઓપરેશન કરાવવું પડશે. પણ તેમની પાસે પૈસા નહોતા, તેથી ઓપરેશન કરાવવા ના પાડતા હતા.

તેમની આર્થિક સ્થિતિ જાણતાં, ઓપરેશન માફીમાં કરીશું એમ સમજાવ્યું અને એનેસ્થેટીસ્ટની વ્યવસ્થા કરીને તેનું ઓપરેશન કર્યું.

બીજે દિવસે દિલીપની આંખની પટ્ટી ખોલતાં જણાયું કે પાંપણ બરાબર સંધાઇ ગઇ છે અને તેને દેખાવામાં પણ કોઇ તકલીફ નહોતી.

એક નાના બાળકની દૃષ્ટિ બચ્યાથી તેનું સમગ્ર જીવન સુધરી ગયું છે. નાણાને અભાવે જો આ ઓપરેશન ન થયું હોત, તો બાળકના ભવિષ્ય પર મોટો પ્રશ્નાર્થ થાત. દિલીપના માતા-પિતા ભગવાનને પ્રાર્થના કરે છે કે હોસ્પિટલ ખૂબ પ્રગતિ કરે.



### અંધાપો દૂર થયો

અંકલેશ્વરના રહીશ ઉસ્માન અબ્દુલ ચૌધરીની દીકરી મહમદ ઈશા ૨૨ દિવસની હતી ત્યારે તેને શરદી, ખાંસી સાથે તાવ આવ્યો હતો. તેથી તેઓ તેને ડૉક્ટર પાસે લઇ ગયા અને ત્યાં ડૉક્ટરે આંખ તપાસતા કહ્યું કે આંખના ડૉક્ટરને બતાવવું જરૂરી છે તેથી તેઓ અંકલેશ્વરની દૃષ્ટિ આંખની હોસ્પિટલમાં ગયા હતા.

દૃષ્ટિ હોસ્પિટલમાં ડૉક્ટરે તપાસીને જણાવ્યું કે બાળકીને જન્મથી જ ઝામરની તકલીફ છે અને તેનું ઓપરેશન કરવું પડશે, આથી માંડવી રીફર કર્યા.

માંડવીમાં ઝામરના નિષ્ણાત ડૉક્ટરે જણાવ્યું કે તેનું ઓપરેશન થઇ જાય તો દૃષ્ટિ બચાવી શકાશે. પહેલાં તો મહમદ ઈશાની માતા આટલી નાની બાળકીના ઓપરેશનની વાત સાંભળીને ગભરાઇ ગયા પરંતુ કાઉન્સેલરે તેમને સમજાવ્યા અને મહમદ ઈશાની બન્ને આંખનું વારાફરતી ઝામરનું ઓપરેશન કરી આપ્યું.

તેમની આર્થિક સ્થિતિ જોતાં ઓપરેશન રાહત દરે કરી આપ્યું તેમજ ટીપાં લખી આપ્યા.

સમયસર નિદાન અને સારવારથી નાની બાળકી અંધ થતી બચી ગઇ, તેથી બાળકીના માતા-પિતા અને પરિવારજનો ખૂબ ખુશ થઇ ગયા અને હોસ્પિટલ ખૂબ પ્રગતિ કરે એવા આશીર્વાદ આપે છે.

# ડેડીયાપાડા, સાગબારા, ઉમરપાડા, ઉચ્છલ, બારડોલી, ખાપર, કીમ, કોસંબા વિઝન સેન્ટર્સ

ગત વર્ષથી કાર્યરત આઠે આઠ વિઝન સેન્ટર પર ઓપીડી તપાસ અને જરૂર મુજબ ટેલીમેડીસીનથી દર્દીઓને માંડવીના ડૉક્ટરને બતાવવાની કામગીરી બરાબર ચાલી રહી છે.

અગાઉ બધા જ વિઝન સેન્ટર અને સેટેલાઈટ સેન્ટરના ઓપ્થેલ્મીક આસિસ્ટન્ટ દર શનિવારે રિપોર્ટીંગ માટે અને અઠવાડિક મીટિંગ તથા જરૂરી દવા-ચશ્મા વિગેરે સાધન સામગ્રી મેળવવા માંડવી આવતા હતા, તે હૈદ્રાબાદથી શ્રી નાગરાજન તથા પૂણેથી ડૉ. દેશપાંડે સાહેબની ઓક્ટોબર મુલાકાત દરમિયાન સૂચન કરવાથી દર મહિને બોલાવવાનું શરૂ કર્યુ. તેમજ દરરોજની કેશ ઈન્કમ સ્થાનિક બેંકમાં જમા કરાવી શકે તે માટે જે તે સેન્ટરની નજીકની બેંકમાં ખાતું ખોલાવીને તેમાં જમા કરાવવાનું અમલમાં મૂક્યું. જરૂરી સાધન સામગ્રી તેઓને જે ફીલ્ડ સુપરવાઈઝર ત્યાં જાય ત્યારે લઇ જાય અથવા કેમ્પની ટીમ દ્વારા મોકલવાનું ગોઠવ્યું. આ વ્યવસ્થામાં ફેરફાર કરવાથી દર શનિવારે જે તે વિઝન સેન્ટર પર ઓપીડીની કામગીરી ચાલુ રાખી શકાય છે.

આ વર્ષે જુલાઈમાં જ ખાપર વિઝન સેન્ટર જે મકાનમાં ચાલતુ હતું ત્યાંથી તેનું સ્થળ બદલવામાં આવ્યું. તેમ જ ફેબ્રુઆરીથી કોસંબા વિઝન સેન્ટરનું પણ સ્થળ બદલાયું છે.

### નારાયણભાઈ ફરી દેખતા થયા

નારાયણભાઇ ભુરાભાઇ રાઠોડ; ગામ સાયણ, તા. ઓલપાડ, જિ. સુરતના વતની છે અને ખેત મજૂરી કરી ગુજરાન ચલાવે છે. ૫૫ વર્ષના નારાયણભાઇને ખેતીકામ કરતી વખતે આંખમાં વાગ્યુ હતુ, જેની કાળજી ન કરતા ધીમે ધીમે દેખાતું બંધ થઇ ગયુ હતું.

સાયણ કેમ્પમાં નારાયણભાઇ તેમના પુત્ર જોડે આવ્યા હતા. કેમ્પમાં ડૉક્ટરે જણાવ્યું કે તેમને વધારે ફેસીલીટીવાળા મશીન દ્વારા તપાસવા પડશે, તેથી હોસ્પિટલની બસમાં બેસાડી માંડવી લાવ્યા.

માંડવી આંખની હોસ્પિટલમાં પડદાના ડૉક્ટરે આંખની તપાસ કરતા નિદાન કર્યુ કે બન્ને આંખના પડદા ખસી ગયા છે તેથી પડદાનું ઓપરેશન કર્યુ હતું.

પહેલા, ડાબી આંખનું ઓપરેશન કરતા એ આંખમાં હાથ હલતો દેખાય (HM) તેટલું વિઝન આવ્યું, પછી ધીમે ધીમે 3/60 જેટલું વિઝન આવ્યું. જ્યારે જમણી આંખમાં ખૂબ ઓછું વિઝન આવ્યું.

નારાયણભાઇ અને તેમના કુટુંબીજનો ખૂબ ખુશ છે, કારણ કે તેઓ પોતાનું કામ પણ કરી શકશે, કુટુંબની દેખરેખ પણ રાખશે અને પરિવારના અન્ય સભ્યો પણ મજૂરી કામ કરી શકશે. જેથી તેમની આવકમાં વધારો પણ થશે.

તેઓ હોસ્પિટલ ખૂબ પ્રગતિ કરે એવી ભગવાનને પ્રાર્થના કરે છે.

### નવપ્રફુલ્લિત બાળપણ

વાપીમાં રહેતા દંપતી - અમજદખાન અને સબાનાબાનુનો પુત્ર માજીદ ૧ મહિનાનો હતો, ત્યારે તેઓને ખ્યાલ આવ્યો કે માજીદ જોઇ શકતો નથી. મૂળ તેઓ ઝારખંડના વતની હોવાથી ત્યાંની સ્થાનિક હોસ્પિટલમાં બતાવ્યું, પરંતુ ત્યાંના ડૉક્ટરે તપાસ કરીને જણાવ્યું કે માજીદની બન્ને આંખો જન્મથી જ ખરાબ છે તેથી કંઇ થશે નહીં. તેથી તેઓએ પણ બીજે ક્યાંય બતાવ્યું નહિં.

આમ ને આમ ત્રણ વર્ષ પસાર થઇ ગયા બાદ અન્ય હોસ્પિટલમાંથી માંડવી રીફર કર્યા. માંડવી આવ્યા બાદ કીકીના નિષ્ણાત ડૉક્ટરે તેની તપાસ કરી અને જમણી આંખમાં કીકી બદલવાનું ઓપરેશન કરવાની સલાહ આપી.

ડાબી આંખમાં કંઇ થઇ શકે તેમ નહીં હોવાથી માત્ર જમણી આંખમાં કીકી બદલવા સારી કીકી મંગાવી, ને સુરતથી આવતા સ્પેશ્યાલીસ્ટ આવ્યા બાદ કીકી બદલવાનું ઓપરેશન કર્યું.

બીજે દિવસે માજીદની પટ્ટી ખોલ્યા બાદ જણાયું, કે તેને દેખાતું થઇ ગયું છે. આ જોઇને તેના માતા-પિતા ખૂબ ખુશ થઇ ગયા.

અમજદખાન વાપીની કંપનીમાં નોકરી કરે છે અને સબાનાબાનુ સીવણકામ કરે છે, તે જોતાં માજીદનું ઓપરેશન રાહત દરે કરી આપ્યું, તેથી તેઓ ખૂબ જ ખુશ થઇ ગયા અને માજીદ અંધ થતા બચી ગયો. હવે સામાન્ય બાળકની જેમ તે પોતાના બાળપણને માણી શકશે.

## ટેબલ નં. ૧૦ : વર્ષ દરમિયાન થયેલ નેત્રનિદાન કેમ્પની આંકડાકીય માહિતી (૨૦૧૯-૨૦)

| ક્રમ | નિદાન કેમ્પના સ્પોન્સર | કુલ નિદાન કેમ્પ | કેમ્પમાં દર્દીઓની ઓ.પી.ડી. | રીફર (મોતિયા માટે) | ઓપરેશન મોતિયો અને અન્ય | રીમાર્ક |
|---|---|---|---|---|---|---|
| ૧ | ડીસ્ટ્રીક્ટ બ્લાઈન્ડનેસ કંટ્રોલ સોસાયટી (સુરત) | ૧૦૩ | ૧૦૦૩૮ | ૧૯૫૧ | ૧૫૦૬ | - |
| ૨ | હરિઓમ સેવા ટ્રસ્ટ (વડોદરા) અને ડીસ્ટ્રીક્ટ બ્લાઈન્ડનેસ કંટ્રોલ સોસાયટી (સુરત) | ૨૮ | ૨૫૪૦ | ૫૫૩ | ૪૬૯ | - |
| ૩ | હરિઓમ સેવા ટ્રસ્ટ (વડોદરા) અને વિઝન ફાઉન્ડેશન (VFI) ઓફ ઈન્ડિયા | ૧૮ | ૯૩૭ | ૨૫૧ | ૨૧૭ | - |
| ૪ | વિઝન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા (VFI) | ૧૭ | ૧૨૭૨ | ૨૮૦ | ૨૬૪ | - |
| ૫ | ફુલર્ટન કું. અને વિઝન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા | ૧૦ | ૧૮૧૨ | ૨૮૩ | ૨૪૧ | - |
| ૬ | ફુલર્ટન કું. અને DBCS | ૦૨ | ૧૩૮ | ૫૨ | ૪૭ | - |
| ૭ | જે.કે. પેપર મીલ, સોનગઢ અને DBCS | ૦૯ | ૧૪૩૨ | ૫૧૭ | ૧૭૫ | - |
| ૮ | મીશન ફોર વિઝન, મુંબઇ | ૦૮ | ૧૧૭૬ | ૩૯ | ૦૬ | - |
| ૯ | શ્રી પ્રદીપભાઇ શ્રોફ તથા હરિઓમ સેવા ટ્રસ્ટ અને ફુલર્ટન કું. અને બિરલા સેલ્યુલોઝ | ૦૩ | ૩૦૮ | ૭૮ | ૬૯ | કુલ ૧૦૦ ઓપરેશન પૈકી ૩૧ ઓપરેશન બેઝ હોસ્પિટલ ઓ.પી.ડી. માંથી કરેલ છે. |
| ૧૦ | શ્રી મયંકભાઇ ગાંધી તથા હરિઓમ સેવા ટ્રસ્ટ તથા DBCS | ૦૩ | ૪૩૬ | ૭૦ | ૫૩ | - |
| ૧૧ | શ્રી અંબેલાલ ગોપાળજી નાયક + વિઝન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા | ૦૧ | ૨૫૩ | ૧૩ | ૧૦ | - |
| ૧૨ | પ.પૂ. સ્વામી આત્માનંદ સરસ્વતીજીના સ્મરણાર્થે + હરિઓમ સેવા ટ્રસ્ટ + વિઝન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા | ૦૧ | ૧૫૩ | ૨૧ | ૧૬ | - |
| ૧૩ | સુરેન્દ્રસિંહ ચૌહાણ તથા DBCS | ૦૨ | ૨૧૨ | ૨૩ | ૧૫ | - |
| ૧૪ | ગણપતસિંહ જાદવ તથા DBCS | ૦૨ | ૨૧૭ | ૩૬ | ૩૨ | - |
| ૧૫ | શ્રી મુન્નાલાલ જાજુ અને શ્રી રાજનભાઈ પંડ્યા | ૦૧ | ૨૯ | ૦૨ | ૦૧ | - |
| ૧૬ | શ્રી રાજનભાઇ પંડ્યા અને DBCS | ૦૧ | ૧૨૦ | ૨૦ | ૦૧ | - |
| ૧૭ | શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ ટ્રસ્ટ + વિઝન ફાઉન્ડેશન | ૦૨ | ૨૧૯ | ૨૦ | ૧૧ | - |
| ૧૮ | શ્રી પોપટલાલ વ્યાસ + વિઝન ફાઉન્ડેશન | ૦૧ | ૧૦૪ | ૧૬ | ૨૦ | - |
| ૧૯ | પાલ ગ્રૂપ કપાસ ઉત્પાદક મંડળી | ૦૧ | ૪૬૫ | ૪૭ | ૨૮ | - |
| ૨૦ | લ્યુપીન વેલ્ફેર રીસર્ચ ફાઉન્ડેશન + DBCS | ૦૧ | ૧૦૦ | ૧૯ | ૦૭ | - |
| ૨૧ | વિજયભાઇ દાલીયા + DBCS | ૦૧ | ૧૧૩ | ૧૭ | ૦૬ | - |
| ૨૨ | શ્રી મહેન્દ્ર નેમચંદ ઝેવરી + DBCS | ૦૧ | ૧૮૩ | ૩૧ | ૨૭ | - |
| ૨૩ | ઉર-આશા ઝવેરી ફાઉન્ડેશન + DBCS + હરિઓમ સેવા ટ્રસ્ટ | ૦૧ | ૧૫૦ | ૨૬ | ૨૨ | - |
| ૨૪ | અજીતભાઇ દોશી + હરિઓમ સેવા ટ્રસ્ટ + DBCS | ૦૧ | ૧૩૭ | ૨૩ | ૨૧ | - |
| ૨૫ | દીપ ચેરીટેબલ ટ્રસ્ટ + વિઝન ફાઉન્ડેશન | ૦૧ | ૨૨૭ | ૩૧ | ૨૬ | - |
| ૨૬ | શ્રી ચંપકભાઇ પટેલ + વિઝન ફાઉન્ડેશન | ૦૧ | ૧૨૫ | ૨૭ | ૧૫ | - |
| ૨૭ | શ્રી શીલાબેન પટેલ + વિઝન ફાઉન્ડેશન | ૦૧ | ૧૨૮ | ૩૦ | ૨૩ | - |
| ૨૮ | રોટરી ક્લબ ઓફ સુરત રાઉન્ડટાઉન + VFI | ૨૩ | ૩૫૪ | ૧૩૩ | ૧૧૩ | - |
| ૨૯ | હિતેશભાઇ રાજપરા + હરિઓમ સેવા ટ્રસ્ટ + DBCS | ૨૧ | ૧૦ | ૦ | ૦ | - |
| ૩૦ | શાંતારામ ભટ્ટ ચેરીટેબલ ટ્રસ્ટ + DBCS | ૦૩ | ૨૭૪ | ૮૩ | ૬૫ | - |
| ૩૧ | જયેશભાઇ ભટ્ટ (સચીન) + હરિઓમ સેવા ટ્રસ્ટ + DBCS | ૦૧ | ૧૪૩ | ૩૯ | ૩૦ | - |
| ૩૨ | દિપસિંહ રાણા + હરિઓમ સેવા ટ્રસ્ટ + DBCS | ૦૧ | ૧૭૭ | ૨૯ | ૨૯ | - |
| ૩૩ | બાલકીશન રાઠી + DBCS | ૦૧ | ૧૧૦ | ૬૩ | ૬૦ | - |
| ૩૪ | કાકરાપાર અણુમથક (મેગા કેમ્પ) | ૦૧ | ૬૪૩ | ૨૦૦ | ૧૭૧ | - |
| ૩૫ | યુથ ક્લબ + DBCS | ૦૧ | ૨૨૪ | ૧૬ | ૧૦ | - |
| ૩૬ | તુષારભાઇ શાહ | ૦૧ | ૧૨૦ | ૨૨ | ૨૪ | - |
| ૩૭ | કરસનભાઇ ભક્ત | ૦૧ | ૪૧૯ | ૬૪ | ૫૦ | - |
| ૩૮ | બિરલા સેલ્યુલોઝ + DBCS | ૦૧ | ૨૮૦ | ૨૨ | ૧૭ | - |
| ૩૯ | રમણભાઇ + DBCS | ૦૧ | ૧૧૦ | ૩૫ | ૩૦ | - |
| ૪૦ | ફુલર્ટન + VFI + HOM | ૦૧ | ૯૩ | ૨૬ | ૨૫ | - |
| ૪૧ | અજીતભાઇ દોશી + DBCS + HOM | ૦૧ | ૮૭ | ૨૩ | ૨૩ | - |
| ૪૨ | રોટરી ક્લબ ઓફ અંકલેશ્વર | ૦૧ | ૨૮૩ | ૨૮ | ૧૩ | - |
| ૪૩ | વિજયભાઇ કણીયા + DBCS | ૦૧ | ૧૫૮ | ૩૧ | ૨૭ | - |

# અંધજન પુનર્વસન કાર્યક્રમ



વ્યારા તાલુકામાં અમલમાં મુકાયેલ અંધજન પુનર્વસન કાર્યક્રમ દ્વારા વ્યારા તાલુકાના ગામોમાં અંધત્વની તપાસ, શાળામાં ભણતા બાળકોની આંખની તપાસ તથા ચશ્મા વિતરણની કામગીરી થઈ. આ ચશ્મા વિતરણ કાર્યક્રમમાં વ્યારાના અધિક નિવાસી કલેકટરશ્રી તથા જનક સ્મારક હોસ્પિટલના ટ્રસ્ટીઓ તેમજ દિવ્યજ્યોતિ ટ્રસ્ટના ટ્રસ્ટી અને CBR સ્ટાફ હાજર રહ્યા. વર્ષ દરમિયાન વ્યારા, વાલોડ, ડોલવણ, સોનગઢ, ઉચ્છલ, નિઝર અને કુકરમુંડા જેવા અલગ અલગ તાલુકાઓના ગામમાં રેપીડ એસેસમેન્ટ ઑફ એવોઈડેબલ બ્લાઈન્ડનેસ (RAAB) અને ડાયાબિટીક રેટીનોપથી (DR) નો સર્વે હાથ ધરવામાં આવ્યો. આ કામગીરી કાર્યકરો અને બી.ઓપ્ટોમેટ્રીના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ તથા ડૉક્ટર્સ દ્વારા હાથ ધરવામાં આવી.

આ સર્વે દ્વારા મળેલી માહિતી દ્વારા પશ્ચિમ ભારતના ગ્રામ્ય વિસ્તારમાં ડાયાબિટીસ અને ડાયાબિટીક રેટીનોપથીની સ્થિતિ જાણવા મળશે તથા તાપી જિલ્લામાં અંધત્વનું પ્રમાણ જાણવા ઉપયોગી નીવડશે.

આ સર્વે દ્વારા મળેલી માહિતી ઓપ્ટોમેટ્રીના સ્ટુડન્ટ્સને થીસીસ તૈયાર કરવા માટે તેમજ શિવાનીબેન સૂચલ જેઓ M.Optometryનો અભ્યાસ કરી રહ્યા છે તેમને પણ ઉપયોગી નીવડશે.

૪-૧૦-૨૦૧૯ના રોજ શબરીધામ શાળામાં બાળકોની આંખની તપાસ કરી અને ચશ્માની ખામી ધરાવતા બાળકોને ચશ્મા વિતરણ કર્યું.

દર વર્ષની જેમ ૩જી ડીસેમ્બરે વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી કરી. જેમાં ૭૧ વિકલાંગોએ ભાગ લીધો. તેઓએ જુદી જુદી રમત, સ્પર્ધામાં ભાગ લીધો અને તેમને ઈનામો આપીને પ્રોત્સાહિત કર્યા.

વ્યારા તાલુકામાં અંધજન પુનર્વસન કાર્યકરો દ્વારા કરાયેલી કામગીરીની વિગત ટેબલ નં.૧૧ અને ૧૨ દ્વારા દર્શાવી છે.

## ટેબલ નં. ૧૧ : વ્યારા તાલુકામાં ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓની ચશ્માના નંબરની તપાસ

| ક્લસ્ટર | વિદ્યાર્થીઓની સંખ્યા | તપાસ કરેલ વિદ્યાર્થીઓ | દ્રષ્ટિની ખામી ધરાવતા વિદ્યાર્થીઓ | ચશ્મા વિતરણ | રીફર |
|---|---|---|---|---|---|
| ઉંચામાળા | ૪૭૬ | ૪૦૮ | ૧૮ | ૧૪ | ૪૩ |
| ચાંપાવાડી | ૨૮૭૨ | ૨૬૮૪ | ૮૨ | ૬૭ | ૧૪૭ |
| ઘાટા | ૧૯૭૯ | ૧૭૬૩ | ૧૨૨ | ૮૪ | ૨૯ |
| બોરખડી | ૧૩૯૪ | ૧૨૪૪ | ૪૧ | ૨૯ | ૩૧ |
| વ્યારા-૧ | ૭૪૧૪ | ૫૯૪૮ | ૯૩૫ | ૭૩૨ | ૧૯૫ |
| વ્યારા-૨ | ૨૭૫૭ | ૨૩૫૯ | ૧૧૧ | ૯૮ | ૬૬ |
| કપુરા | ૧૪૪૯ | ૧૨૪૯ | ૬૯ | ૪૮ | ૨૬ |
| સરૈયા | ૯૪૦ | ૮૪૬ | ૨૭ | ૧૮ | ૨૦ |
| ડોલારા | ૨૫૨૦ | ૨૩૧૬ | ૧૬૯ | ૧૪૮ | ૩૮ |
| જેસીંગપુરા | ૭૨૧ | ૫૨૩ | ૪૪ | ૩૩ | ૩૪ |
| કુલ | ૨૨૫૨૨ | ૧૯૩૪૦ | ૧૬૧૮ | ૧૨૭૧ | ૬૨૯ |

# વિવેકાનંદ પ્રજ્ઞાચક્ષુ ભવન



જૂન-૨૦૧૩ થી શરૂ કરેલ અંધ બાળકોની હોસ્ટેલમાં દર વર્ષે ૧૬ થી ૧૮ બાળકો રહે છે અને શાળામાં અભ્યાસ ઉપરાંત બ્રેઇલ લિપીનું શિક્ષણ, સંગીત, કોમ્પ્યુટર અને સ્વનિર્ભરતાના પાઠ શીખે છે. વર્ષ દરમિયાન પાંચ નવા એડમીશન થયા અને પાંચ બાળકોને અંધજન વિકાસ મંડળ સંચાલિત વિદ્યાધામ મોગરી, આણંદ ખાતે નિવાસી શાળામાં મોકલ્યા. દિવાળીમાં ૪ થી ૬ નવેમ્બર દરમિયાન અંધ બાળકોની શિબિરનું આયોજન કરવામાં આવ્યું. આ બાળકોને શિબિરમાં વિવિધ પ્રવૃત્તિઓ કરાવી, જેમાં નારેશ્વરની પીકનીકનો પણ સમાવેશ થાય છે.

અંધ બાળકોને 'દત્ત બાવની' શીખવવા સુરતથી સુ. શ્રી તેજલબેન દેસાઇ આવ્યા હતા. તે જ રીતે દર વર્ષે ૩૧મી ડીસેમ્બરે માનસ મંડલ, સુરત દ્વારા નવા વર્ષના સ્વાગત માટે ૧૦૮ હનુમાનચાલીસાના પાઠનું આયોજન કરવામાં આવે છે, જેમાં તેઓ દર વર્ષે અંધ બાળકોને નિમંત્રણ આપે છે અને તે દરમિયાન બાળકો માટે દાન પણ આપે છે. આ વર્ષે પણ અંધ બાળકોએ સુરત જઇને હનુમાનચાલીસાના પાઠ કર્યા.

બાળકોએ ખેલ મહાકુંભમાં ભાગ લઇને રૂ.૪૨૦૦૦ ના ઈનામો જીત્યા તથા રાજ્ય કક્ષાએ પણ પ્રતિયોગીતામાં ભાગ લીધો. ત્રણ બાળકોએ બ્રેઈલ લિપી લેખન સ્પર્ધામાં ભાગ લીધો. બ્રેઈલ શિક્ષક મનીષભાઈ અને અન્ય ત્રણ અંધ બાળકોએ કચ્છમાં રાખેલ સંગીત સ્પર્ધામાં ભાગ લીધો અને સંગીતાએ લોકગીત કેટેગરીમાં ઈનામ મેળવ્યું.

બાળકોને માંડવીના નગરજનોએ એક જોડી કપડા અને બ્લેન્કેટ આપ્યા તથા અમેરિકાથી આવેલ ડૉ. સુહલ શાહે બધા બાળકોને સ્કૂલ બેગ આપી.

## ટેબલ નં. ૧૨ : અંધજન પુનર્વસન કાર્યકરો દ્વારા થયેલી કામગીરી









| વિગત | | સંખ્યા |
|---|---|---|
| કુલ ગામ | | ૯૧ |
| કુલ વસ્તી | | ૧૭૪૩૮૯ |
| પુરુષ : ૬૯૦૮૫ | મહિલા : ૭૦૧૧૬ | |
| છોકરાઓ : ૨૧૮૧૨ | છોકરીઓ : ૨૦૧૦૪ | |
| કુલ ઘર | | ૩૭૭૧૯ |
| આદિવાસી : ૩૧૪૩૪ | હરિજન : ૧૦૩૦ | |
| બક્ષીપંચ : ૨૫૬૯ | અન્ય : ૨૬૮૬ | |
| બી ફોર્મ (અંધત્વ ધરાવતા વ્યક્તિઓ) | | ૧૫૪ |
| પ્રમાણપત્ર મેળવ્યા | | ૧૧૮ |
| બસ પાસ માટે મદદ | | ૯૦ |
| સંત સુરદાસ યોજનાનો લાભ | | ૫૦ |
| સંકલિત શિક્ષણ માટે નોંધણી કરી | | ૦૪ |
| પુનર્વસન થયું | | ૧૩૩ |
| ડાયાબિટીસ ધરાવતા દર્દીની તપાસ | | ૯૯૮ |
| ડાયાબિટીસ માટે ફોલોઅપ | | ૬૯૪ |
| અંધજન પુનર્વસન કાર્યકરો દ્વારા રીફર દર્દીના મોતિયાના ઓપરેશન | | ૮૪૫ |
| અન્ય વિકલાંગ મળ્યા | | ૫૪૧ |
| વિટામિન 'એ' વિતરણ | | ૩૫૩૪ |

# દર્દીઓની સુવિધા માટે કોમ્યુનિટી કીચન

હોસ્પિટલના કામકાજની શરૂઆતથી જ કેમ્પ દ્વારા દાખલ થયેલા દર્દી-સગા; ડૉક્ટર્સ તથા સ્ટાફ માટે કોમ્યુનિટી કીચનની કામગીરી પણ શરૂ કરી હતી.

કેમ્પના દાખલ દર્દી અને સગા માટે ચા-નાસ્તો તથા બન્ને સમય ભોજનની સુવિધા વિનામૂલ્યે પુરી પાડવામાં આવે છે. સ્ટાફ માટે રૂા.૧૫/- પ્રતિ ડીશ (સબસીડી સાથે) તથા બહારગામથી ઓપીડીમાં તપાસ માટે આવતા દર્દીઓ માટે રૂા.૪૦/- પ્રતિ ડીશથી ભોજનની સુવિધા પુરી પાડવામાં આવે છે.

